**આજનો સુવિચાર**

જયારે તક મળે ત્યારે તૈયાર રહો કેમ કે, જયારે તક અને તૈયારી સાથે મળે છે ત્યારે ભાગ્ય બને છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૯૫ જૂનાગઢ તા.૮-૪-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


# ચીન દ્વારા આક્રમક યુધ્ધ કવાયત : તાઈવાન ઉપર હુમલાની તૈયારી

બૈજિંગ તા. ૮ : અમેરિકા અને તાઈવાનને ફરી એકવાર સાથે જોઈને ચીન ચોંકી ગયું છે. તાઈવાનના રાષ્ટ્રપતિ સાઈ ઈંગ-વેનની યુએસ મુલાકાતને લઈને ચીન ભડકયું છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મીએ તાઈવાન બોર્ડર પાસે સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે. PLAના ઈસ્ટર્ન થિયેટર કમાન્ડે જાહેરાત કરી છે કે ચીન આજથી તાઈવાનની આસપાસ ૩ દિવસીય લશ્કરી કવાયત શરૂ કરી રહ્યું છે. ચીની સેનાએ તાઈવાનની આસપાસ ૧૩ ચીની એરક્રાફ્ટ અને ૩ યુદ્ધ જહાજ તૈનાત કર્યા છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે આ વાતની પુષ્ટિ કરી છે.

રશિયા અને યુક્રેનના યુદ્ધમાં ૧ વર્ષથી વધુ સમયથી પણ હજું કોઈ નિર્ણાયક સ્થિતિ બની નથી. તે સાથે હવે ચીન અને તાઈવાન વચ્ચે યુધ્ધની સ્થિતિ બની રહી છે. હાલમાં જ તાઈવાનના રાષ્ટ્રપતિની અમેરિકા મુલાકાતથી ચીન ભડક્યું છે અને



અગાઉ પણ ચીને તાઈવાનની સાથેના અમેરિકાના ગાઢ બનતા જતા સંબંધો સામે પણ પ્રશ્ન ઉઠાવ્યા હતા

ત્યારબાદ પણ અમેરિકા-તાઈવાને નજદીકી વધારી છે. તેપછી ચીને હવે તાઈવાનના લશ્કરી રીતે ઘેરવાની તૈયારી કરી છે તથા ૩ યુદ્ધ જહાજો અને તેના પર ૧૩ લડાયક વિમાનોને તાઈવાન ડયુટી પર મુકયા છે. છેલ્લા ત્રણ દિવસથી ચીન તાઈવાનની આસપાસ તેનો આક્રમક યુદ્ધ અભ્યાસ શરુ કર્યો છે. ચીનની સેના પીપલ્સ લીબરેશન આર્મીના પુર્વીય થિયેટર કમાન્ડ દ્વારા તેને રોજીંદી કવાયત દર્શાવવામાં આવી છે પણ માનવામાં આવે છે કે ચીને હવે તાઈવાનને આખરી ચેતવણી આપવાની તૈયારી કરી છે.

## રાજસ્થાનમાં દલિત મહિલા પર બળાત્કાર ગુજારી સળગાવી દીધી

નવી દિલ્હી, તા.૮: રાજસ્થાનના બાડમેર જિલ્લામાં બળાત્કાર ગુજારી એક દલિત મહિલાને સળગાવી દેવાનો ચોંકાવનારો બનાવ બહાર આવ્યો છે. આ મહિલા ૪૦ ટકા દાઝી ગઈ છે અને જોધપુરની સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ મહિલાના ઘરની નજીક જ રહેતા આરોપીને ઝડપી લેવાયાનું પોલીસે જણાવ્યુ છે. પોલીસે આઈપીસી અને શેડયુલ કાસ્ટ અને શેડયુલ ટ્રાઈબ/ (પ્રીવેન્સન ઓફ એટ્રોસીટી) એકટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## શાહરૂખ ખાનો વિશ્વમાં ડંકો વગાડયો ટાઈમ-૧૦૦ની યાદીમાં સૌથી ટોચનાં સ્થાને

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૮ : બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનનો વિશ્વભરમાં ડંકો વાગ્યો છે. હવે તેણે વધુ એક રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. શાહરૂખ ખાને ટાઈમ-૧૦૦ની યાદીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. એટલું જ નહીં, શાહરૂખે ફૂટબોલ ખેલાડી લિયોનેલ મેસ્સી, પ્રિન્સ હેરી, મેગમ માર્કલ જેવા દિગ્ગજ ખેલાડીઓને પાછળ છોડી દીધા છે.

ટાઈમ મેગેઝીને સૌથી પ્રભાવશાળી લોકોની યાદી જાહેર કરી છે, જેમાં શાહરૂખ ખાન ટોપ પર છે. આ યાદી વાચકોના મતના આધારે તૈયાર કરવામાં આવી છે. કિંગ ખાન 'ટાઈમ ૧૦૦' લિસ્ટમાં ટોપ પર છે. અમેરિકન પબ્લીકેશન અનુસાર, આ વર્ષે ૧.૨ મિલિયન એટલે કે ૧૨ લાખ લોકોએ વોટિંગ કર્યું હતું, જેમાં શાહરૂખ ખાનને સૌથી વધુ ૪ ટકા વોટ મળ્યા હતા.

આ યાદીમાં બીજા નંબરે ઈરાની મહિલા મહસા અમીની છે, જેણે પોતાના દેશમાં કટ્ટરવાદ વિરૂદ્ધ આંદોલન શરૂ કર્યું હતું. મહેસાનું ગયા વર્ષે સપ્ટેમ્બરમાં અવસાન થયું હતું. તેને ૩ ટકા મત મળ્યા હતા. ત્રીજા નંબરે પ્રિન્સ હેરી ૧.૯ ટકા વોટ સાથે અને ચોથા નંબરે પ્રિન્સ હેરીની પત્ની મેગમ માર્કલ. પાંચમા નંબર પર ફૂટબોલ ખેલાડી લિયોનેલ મેસ્સી છે, જેને ૧.૮ ટકા વોટ મળ્યા છે.



ફૂટબોલ ખેલાડી લિયોનલ મેસ્સી, પ્રિન્સ હેરી, મેગમ માૃકેલ જેવા દિગ્ગજોને પછાડયા

## સોનાનાં ભાવમાં આગઝરતી તેજી ભાવ ૮૦ હજારે પહોંચવાની ધારણા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૮

સોનાના ભાવની ચમક એટલી વધી રહી છે કે હવે લોકો સોનુ ખરીદતા પહેલા સો-વાર વિચાર કરશે. સોનાના ભાવમાં માહોલ એવો છે કે સોનુ કદાચ ૭૦ હજાર આસપાસ પણ પહોંચે પરંતુ આ ઓલ ટાઈમ હાઈ કહેવાતા ભાવથી ગ્રાહક કે બજારને કેટલો ફાયદો થયો તે મહત્વનો સવાલ છે. સોનાના ભાવ ૮૦ હજાર સુધી પહોંચવાની શક્યતા રહી છે. એટલે કદાચ હવે એ દિવસો દૂર નથી કે સામાન્ય માણસે સોનુ ખરીદવાના માત્ર સપના જ જોવાના રહેશે.

સોનાની તમામ વસ્તુઓની ચળકાટ જોતા સૌ કોઈ તેને લેવા લલચાય જાય છે, પણ જયારે સોનાનો ભાવ સાંભળીએ ત્યારે હાજા ગગડી જાય તેવી સ્થિતિ થઈ છે. હાલમાં સોનાના ભાવ ૬૩ હજાર નજીક પહોંચવા આવ્યા છે.

## સરકાર વિરૂધ્ધ ખોટી માહિતી ફેલાવનારા વિરૂધ્ધ કડક કાર્યવાહી થશે : નવા નિયમોને મંજુરી

### પીઆઈબીની ફેકટ ચેક ટીમ નજર રાખશે : ફેસબુક, ટવિટર પર લગામ આવશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૮

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ઈન્ટરનેટ પરની અન્ય વેબસાઈટ્સે હવે એ સુનિશ્ચિત કરવું પડશે કે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો દ્વારા 'ફેક ન્યૂઝ' તરીકે જાહેર કરવામાં આવેલ આવા લેખો અથવા અન્ય કોઈપણ સામગ્રીને તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે. આવી પોસ્ટ માટે PIB દ્વારા સંબંધિત પ્લેટફોર્મને એલર્ટ કરવામાં આવશે. IT મંત્રાલયે ગુરુવારે નવા નિયમોને મંજૂરી આપી છે, જે અંતર્ગત ફેસબુક, ટ્વિટર, ગૂગલને ફેક્ટ-ચેક કરવા અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ ચાલી રહેલા ખોટા, ખોટા અથવા ગેરમાર્ગે દોરનારા સમાચારને દૂર કરવા માટે કહી શકે છે. જો તેઓ આમ નહીં કરે તો તેમને નિયમો હેઠળ કાર્યવાહીનો સામનો કરવો પડશે. આ ફેરફાર IT નિયમો, ૨૦૨૧માં 'ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (ઈન્ટરમીડિયેટ ગાઈડલાઈન્સ અને ડિજિટલ મીડિયા કોડ ઓફ કન્ડક્ટ) એમેન્ડમેન્ટ રૂલ્સ, ૨૦૨૩ઃ દ્વારા કરવામાં આવ્યો છે. આ ફેરફારો ગઈકાલે સાંજે મંત્રાલય દ્વારા પણ સૂચિત કરવામાં આવ્યા છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, PIBની ફેકટ ચેક ટીમ સંબંધિત સરકારી વિભાગોનો સંપર્ક કરીને તેમના મંતવ્યો મેળવશે કે શું સમાચાર નકલી છે કે નહીં અને તે મુજબ આગળનો નિર્ણય લેશે. જો કંપનીઓ 'PIB ફેક્ટ-ચેક ટીમ'ના આદેશનું પાલન કરવાનો ઈનકાર કરે છે, તો તેઓ તેમની 'સેફ હાર્બર ઈમ્યુનિટી' ગુમાવશે, જે તેમને તેમના પ્લેટફોર્મ પર વપરાશકર્તાઓ દ્વારા પોસ્ટ કરવામાં આવેલી કોઈપણ કપટ અથવા ખોટી સામગ્રી સામે રક્ષણની ખાતરી આપે છે.

## કેન્દ્ર સરકારે સીલબંધ કવર આપતા ચીફ જસ્ટીસ નારાજ થયા

નવીદિલ્હી તા. ૮

'હું વ્યક્તિગત રીતે સીલબંધ કવર વિરુદ્ધ છું. આમાં એવું થાય છે કે આપણે એ જોઈએ છીએ, જે કેસ સાથે જોડાયેલો બીજો પક્ષ જોઈ શકતો નથી અને અમે તેમને બતાવ્યા વિના જ કેસનો નિર્ણય લઈએ છીએ. આ મૂળભૂત રીતે ન્યાયિક પ્રક્રિયા વિરુદ્ધ છે. કોર્ટમાં ગુપ્તતા રાખી શકાય નહીં.'

આ ટિપ્પણી સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડની છે. ચીફ જસ્ટિસે માર્ચમાં વન રેન્ક વન પેન્શન મામલે સુનાવણી દરમિયાન સરકાર તરફથી આપવામાં આવેલા સીલબંધ કવરને જોઈને આ અંગે નિરાશા વ્યક્ત કરી આ વાત જણાવી હતી.

સીલબંધ કવર હવે ફરી એકવાર ચર્ચામાં છે. સુપ્રીમ કોર્ટે મલયાલમ ન્યૂઝ ચેનલ મીડિયા વન કેસની સુનાવણી કરતાં કહ્યું હતું કે સીલબંધ કવરમાં માહિતી આપીને પ્રાકૃતિક ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થયું છે. સીલબંધ કવરમાં જવાબ આપવો એ અરજદારને અંધારામાં રાખવા જેવું છે.

## મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલ પાથલનાં સંકેતો : એનસીપીનાં સાત ધારાસભ્યો ભૂગર્ભમાં

મુંબઈ તા. ૮

એનસીપી સુપ્રીમો શ્રી શરદ પવારના ભત્રીજા અને સિનીયર એનસીપી નેતા અજીત પવારનો કોઈ સંપર્ક થતો નથી. મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષી નેતા સાથે એનસીપીના ૭ ધારાસભ્યોનો પણ સંપર્ક થતો નથી તેમ ધ ન્યુ ઈન્ડીયનનો અહેવાલ જણાવે છે. આ સાથે જ દેશના એક મહત્વના રાજ્ય મહારાષ્ટ્રના રાજકારણમાં ભૂકંપ સર્જાયેલ છે. અજીત પવારે તેમના આજના તમામ કાર્યક્રમો રદ કર્યા છે. પૂર્વ મુખ્યમંત્રી અજીત પવાર ગઈકાલે પૂણેમાં આવેલ બારામતી હોસ્ટેલમાં મીટીંગ યોજી, પત્રકારોને મળ્યા અને ત્યારબાદ કોઈ સંપર્ક નથી. તેમની સિક્યોરીટી ટીમ અને અંગત મદદનીશોને પણ અજીત પવાર ક્યાં ગયા છે તેની કોઈને જાણ નથી.

## ગતરાત્રીથી સીએનજીમાં રૂા.૮, પીએનજીમાં રૂા.૫ નો ઘટાડો

નવી દિલ્હી તા.૮ : કેન્દ્ર સરકારે કુદરતી ગેસની પ્રાઈઝીંગ પોલીસીમાં બદલાવ કર્યાની સાથે જ સીએનજી તથા પીએનજીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. અદાણી તથા મહાનગર ગેસ જેવી બે કંપનીઓએ ગત મધરાત્રીથી જ ભાવઘટાડો લાગુ કરી દીધો છે જેને પગલે અમદાવાદ તથા પાટનગર દિલ્હી જેવા ક્ષેત્રોમાં લોકોને રાહત થશે. રાજકોટ-સૌરાષ્ટ્રમાં સીએનજી-પીએનજીની સપ્લાય કરતી કંપની ગુજરાત ગેસ પણ તુર્તમાં ભાવઘટાડો જાહેર કરે તેવા સંકેત છે. ભારતમાં કેટલાંક મહિનાઓથી તમામ ચીજોમાં ભાવવધારાથી લોકો મોંઘવારીનો માર સહન કરી રહ્યા હતા તેમાં હવે સીએનજી તથા પીએનજીમાં ભાવઘટાડાથી રાહત મળી શકશે.

અમદાવાદ સહિતના ક્ષેત્રોમાં ગેસ પુરો પાડતી અદાણી ગેસ દ્વારા સીએનજીમાં પ્રતિ કિલો રૂા.૮.૧૩ તથા પીએનજીમાં પ્રતિ ઘન સેન્ટીમીટર રૂા.૫.૦૬નો ઘટાડો કરવામાં આવ્યો છે. મધરાત્રીથી જ ભાવઘટાડો લાગુ પાડી દેવામાં આવ્યો છે. કંપની હાલ સીએનજી-પીએનજીના સાત લાખ ઘરેલુ, ૪૦૦૦ કોમર્સીયલ, ૨૦૦૦ ઈન્ડસ્ટ્રીયલ તથા ૩ લાખ સીએનજી ગ્રાહકોને સપ્લાય કરે છે. આ સિવાય સરકારી કંપની ગેઈલની સબસીડીયરી મહાનગર દ્વારા પણ સીએનજીમાં રૂા.૮ તથા સીએનજીમાં રૂા.૫નો ભાવઘટાડો કરવામાં આવ્યો છે.

## રશિયાને પરાજીત કરવાની સિક્રેટ યોજના ફુટી જતા પેન્ટાગોનમાં ધમાલ : તપાસનાં આદેશો

વોશિંગ્ટન, તા. ૮ઃ રશિયાને હરાવવા માટે રચાયેલ અમેરિકા અને નાટોનો ટોપ સિક્રેટ પ્લાન લીક થઈ ગયો છે. આ દસ્તાવેજોમાં અમેરિકા અને નાટોની સૈન્ય તૈયારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં યુક્રેનના લશ્કરને અમેરિકા અને નાટો સંગઠન દ્વારા ટ્રેનિંગ અને તેમને આપવામાં આવેલા હથિયારો વિશે પણ જણાવવામાં આવ્યું છે.

યુએસ અને નાટોએ ભાવિ રશિયન આક્રમણ સામે યુક્રેનને મદદ કરવા માટે એક યોજના તૈયાર કરી હતી. હવે આ પ્લાન સાથે જોડાયેલા કેટલાક ગુપ્ત દસ્તાવેજો ઓનલાઈન લીક થયા છે. જે રશિયા વિરુદ્ધ અમેરિકા અને નાટોની ઘણી જ વર્ગીકૃત યોજનાઓનો ઉલ્લેખ છે. આ દસ્તાવેજો ટ્વિટર અને ટેલિગ્રામ પર વ્યાપકપણે શેર કરવામાં આવી રહ્યા છે. ટ્વિટર અને ટેલિગ્રામ એ બે મુખ્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ છે જેનો વ્યાપકપણે યુક્રેન અને રશિયામાં ઉપયોગ થાય છે. આ ગુપ્ત દસ્તાવેજો લીક થવાથી અમેરિકા ચોંકી ગયું છે. આ દસ્તાવેજોને ટોપ સિક્રેટનું લેબલ આપવામાં આવ્યું હતું. બિડેન વહીવટીતંત્રે પેન્ટાગોનને સુરક્ષામાં ક્ષતિનો મામલો ગણીને તપાસ કરવાનો આદેશ આપ્યો છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલમાં જણાવાયું છે કે દસ્તાવેજોમાંની માહિતી ઓછામાં ઓછી પાંચ અઠવાડિયા જૂની છે. રિપોર્ટમાં સૈન્ય નિષ્ણાતોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે અમેરિકન ટોપ સિક્રેટ દસ્તાવેજ લીક થવા પાછળ રશિયાનો હાથ હોઈ શકે છે. રશિયા હવે તેનો ઉપયોગ પ્રચાર અભિયાન તરીકે કરી રહ્યું છે. યુક્રેનિયન સૈનિકોના મૃત્યુની સંખ્યાને ખૂબ મોટી કરી નાખવામાં આવી છે અને યુદ્ધના મેદાનમાં રશિયન સૈન્યના નુકસાનને ઓછું બતાવવા માટે દસ્તાવેજો તૈયાર કર્યા છે.

## ૨૫ દિવસમાં માત્ર ૭૬ કલાક સંસદની કાર્યવાહી ચાલી

નવી દિલ્હી તા. ૮ : હોબાળાને કારણે સંસદની કાર્યવાહી અમુક કલાકો, દિવસો સુધી ઠપ રહી છે. આ સામાન્ય લાગતી બાબત જનતા માટે ખુબ મહત્વની છે. કેમ કે કાયદો બનાવવાનું મૂળ કામ જયા થાય છે તે છે સંસદ. કાર્યપાલિકાને નિયંત્રણ કરવાનું કામ કરે છે સંસદ. કેબિનેટ અને સરકાર સંસદ પ્રત્યે ઉતરદાયી રહેશે તેવું બંધારણમાં કહેવાયું છે. લોકસભામાં જો કોઈ પક્ષને બહુમતી ન હોય તો સરકાર ન બની શકે. ભારતમાં સંસદ પાસે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને સાથે જ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજો પર મહાભિયોગ ચલાવાનો અધિકાર છે. આ સિવાય નાણાકીય બાબતને જોડાયેલા કામો પણ સંસદમાં થઈ શકે છે. બજેટ સત્રનો બીજો તબક્કો ૧૩ માર્ચથી શરૂ થઈને ૬ એપ્રિલ સુધીનો હતો. આ દરમ્યિાન લોકસભાની કાર્યવાહી માત્ર ૪૫ કલાક અને રાજયસભાની કાર્યવાહી માત્ર ૩૧ મિનિટ ચાલી. લોકસભામાં ૩૫ ટકા કામ થયું. તો રાજયસભામાં ૧૩૦ કલાકમાંથી ૩૧ કલાક એટલે કે ૨૪ ટકા જ કામગીરી થઈ છે. સરકાર અને વિપક્ષના હોબાળાને કારણે સંસદની કાર્યવાહી ઠપ થતી રહી. અંતે બજેટ સત્ર પૂર્ણ થઈ ગયું. સંસદ ચલાવવાની સૌથી પ્રથમ જવાબદારી રાજયસભાના સભાપતિ પર હોય છે. ત્યાર બાદ લોકસભાના અધ્યક્ષ પર અને તે બાદ સંસદીય કાર્યમંત્રી પર અને તે પછી ચોથા ક્રમે આવે છે નેતા પ્રતિપક્ષ એટલે કે વિપક્ષ. સંસદ હોબાળાના ભોગે મહત્વના બિલ પાસ ન થાય તેનું નુકસાન માત્રને માત્ર આપણે એટલે કે જનતાને છે.

## ઈઝરાયેલનાં તેલઅવિવમાં આતંકવાદી હુમલામાં ત્રણનાં મોત

નવી દિલ્હી,તા. ૮: ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે સંઘર્ષ વધી રહ્યો છે. એક પછી એક હુમલા થઈ રહ્યા છે. ઈઝરાયેલના તેલ અવીવમાં પેલેસ્ટાઈન દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. જેમાં ત્રણ લોકોના મોત થયા છે. એજન્સીના જણાવ્યા પ્રમાણે તેલ અવીવમાં એક કાર ભીડવાળા વિસ્તારમાં ઘૂસી ગઈ હતી. જેના કારણે ત્રણ લોકોના મોત થયા છે, જયારે ઘણા લોકો ઘાયલ થયા છે. ઈઝરાયેલ પોલીસના જણાવ્યા અનુસાર આ દરમિયાન ગોળીબાર પણ થયો છે. ફાયરિંગમાં બે બહેનોના મોત થયા છે.


**ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ**

અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન

સિમલા-મનાલી-ડેલહાઉસી
અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર
અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ
By Air 27000 Day-6 | 35000 Day-9

કેરાલા-મુન્નાર-થેકડી
ક.કુમારી-એલપ્પી-કોવાલમ
અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ 35000 Day-8

નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર | કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી | GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા

શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

**લક્ઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે**

અદ્યતન ફીકસ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધ્યાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.

મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫

**ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો**

વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ પટેલ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અદ્યતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.

મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩

**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



સર્વોત્તમ સ્વાદના 68 વર્ષ

અદાણી મસાલા
સ્વાદના સર્જકો
SINCE 1955

" ૧૯૫૫ થી આજ સુધી..
સમય બદલાયો, પણ સ્વાદ નહીં!"



# જૂનાગઢ શહેરમાં ઘોરીપીર દરગાહ નજીક ગતરાત્રીનાં અથડામણ : પોલીસ ફરીયાદ


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૮

જૂનાગઢ શહેરમાં વોર્ડ નં. ૧૨માં આવેલ ઘોરીપીર દરગાહ પાસે ગત રાત્રે બનેલ બનાવમાં ગતરાત્રે દરગાહની ધાર્મિક જગ્યા બાબતે બે જુથો વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં આ વિસ્તારનાં કાર્યકર હનીફબાબા મજીદભાઈ કુરેશી (ઉ.વ. ૪૮) નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓ (૧) સાજીદ મહમદહુસેન હાલા (૨) અયાન સાજીદ હાલા (૩) અક્ષર કમાલ અમરેલીયા (૪) સોહીલ પટણી વિગેરેએ ફરીયાદી ઉપર પાઈપ, છરી વડે હુમલો કરતાં ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ અંગે ફરીયાદીએ સી ડીવીઝનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ ઘોરીપીર દરગાહની ધાર્મિક જગ્યા બાબતે ફરીયાદી હનીફબાબા આ દરગાહનાં ટ્રસ્ટની જમીનનાં કાયદેસરનાં વહીવટકર્તા તેમજ પૂર્વજોની માલીકીની મિલ્કત હોય જે પચાવી પાડવા આરોપીઓ પ્રયત્ન કરતા હોય જે અંગે ફરીયાદીએ તેમનાં સૈયદ ધર્મગુરૂને તેમનાં કાયદેસરનાં હકક બાબતે મદદ કરતા આ બાબતનું મનદુઃખ રાખી આરોપીઓએ એક સંપ કરી ફરીયાદી ઉપર ગત રાત્રીનાં ૧૧.૩૦ કલાકે છરી, લાકડી, પાઈપ વડે હુમલો કરેલ હોવાનું જણાવતાં પોલીસે આ બાબતે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે

# દિલ્હીથી જમ્મુ-કાશ્મીર, મહારાષ્ટ્ર અને પંજાબમાં કોરોનાની તેજ રફતાર



### સોમવાર એટલે ૧૦ એપ્રિલ અને મંગળવારે એટલે ૧૧ એપ્રિલે આખા દેશમાં કોવિડને લઈને એક મોક ડ્રીલ થશે

નવી દિલ્હી, તા.૮

મહારાષ્ટ્ર, દિલ્હી, યુપી, હરિયાણા અને પંજાબ સહિત ઘણા રાજ્યોમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ શુક્રવારે (૭ એપ્રિલ) રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય પ્રધાનો સાથે સમીક્ષા બેઠક યોજી હતી. માંડવિયાએ જણાવ્યું હતું કે, મીટિંગ દરમ્યાન કોવિડ ટેસ્ટિંગ અને જીનોમ સિક્વન્સિંગની સાથે કોવિડ નિયમોના પાલનનો ફેલાવો વધારવા પર ચર્ચા થઈ હતી. તેમણે કહ્યું કે, સોમવાર (૧૦ એપ્રિલ) અને મંગળવારે (૧૧ એપ્રિલ) આખા દેશમાં કોવિડને લઈને એક મોક ડ્રીલ થશે. આવામાં તમામ આરોગ્ય મંત્રીઓએ હોસ્પિટલની મુલાકાત લેવી જોઈએ. શુક્રવારે (૭ એપ્રિલ) મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ના ૯૨૬ કેસ નોંધાયા હતા જ્યારે ત્રણ લોકોના કારણે મોત થયા હતા. સ્વાસ્થ્ય અધિકારીઓએ આ જાણકારી આપી. અધિકારીઓએ જણાવ્યું કે, નવા દર્દીઓ બાદ રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૮૧,૪૮,૫૯૯ થઈ ગઈ છે જ્યારે કુલ મૃત્યુઆંક વધીને ૧,૪૮,૪૫૭ થઈ ગયો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર મુંબઈમાં ૨૪ કલાક દરમિયાન કોવિડ-૧૯ના ૨૭૬ દર્દીઓ મળી આવ્યા હતા. આ સંખ્યા એક દિવસ પહેલા નોંધાયેલા દર્દીઓ કરતા ૨૭ટકા વધુ છે, ચેપથી મૃત્યુ પામેલા ત્રણ દર્દીઓ ગોંદિયા, કોલ્હાપુર અને રાયગઢના રહેવાસી હતા. રાજયના આરોગ્ય વિભાગના ડેટા અનુસાર, ચેપમાંથી સાજા થવાનો દર ૯૮.૧૨ ટકા અને મૃત્યુ દર ૧.૮૨ ટકા છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ૨૪ કલાકમાં કોરોનાના કેસમાં વધારો થયો છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, ૭૩૩ નવા કેસ સામે આવ્યા છે, જે છેલ્લા સાત મહિનામાં સૌથી વધુ છે. હવે પોઝિટિવિટી રેટ ૧૯.૯૩ ટકા થઈ ગયો છે. આ દરમ્યાન બે દર્દીઓએ જીવ ગુમાવ્યો હતો. ગુરુવારે (૬ એપ્રિલ) અહીં કોવિડ-૧૯ના ૬૦૬ નવા કેસ સામે આવ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હીમાં દરરોજ લગભગ ૧૦૦ કેસ વધી રહ્યા છે. શુક્રવારે, હિમાચલ પ્રદેશમાં કોવિડના ૧૦૮ નવા કેસ નોંધાયા હતા જ્યારે એકનું ચેપને કારણે મોત થયું હતું. સારવાર લઈ રહેલા લોકોની સંખ્યા ૧૯૩૩ છે. મંડી જિલ્લામાં એક ૧૯ વર્ષની યુવતીનું વાયરસથી મૃત્યુ થયું હતું, અધિકારીઓએ જણાવ્યું હતું કે, મૃત્યુઆંક ૪,૧૯૮ પર પહોંચ્યો છે. શુક્રવારે (૭ એપ્રિલ) ઉત્તર પ્રદેશમાં ૨૦૦ થી વધુ કોરોના કેસ સામે આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડના ૨૩૨ કેસ સામે આવ્યા છે.

આ સાથે યુપીમાં સારવાર લઈ રહેલા લોકોની સંખ્યા વધીને ૯૯૧ થઈ ગઈ છે. તેમાંથી ૫૨ કેસ રાજ્યની રાજધાની લખનૌમાં મળી આવ્યા છે. કોરોનાના નવા કેસોમાં વધારા અંગે વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ગભરાવાની જરૂર નથી, જોકે સતર્ક રહેવું જરૂરી છે. લોકોએ બહાર જતી વખતે માસ્ક પહેરવું જોઈએ અને કોરોના સંબંધિત નિયમોનું પાલન કરવું જોઈએ. ભીડમાં પણ સામાજિક અંતરનું ધ્યાન રાખો. વાયરસ કોરોના વાયરસની જેમ વર્તે છે, જેમાં સામાન્ય શરદી અને શરદી જેવા લક્ષણો છે અને તે આપણને ફરીથી ચેપ લગાવી શકે છે.

# ખંભાળિયામાં ભાજપના કાર્યકરો દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૮



દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે ગઈકાલે શુક્રવારે ભારતીય જનતા પાર્ટીના શહેર યુવા મોરચા દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત પાલિકા સંચાલિત સ્મશાન ગૃહ ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીના વડપણ હેઠળ સ્થાનિક હોદ્દેદારો તથા કાર્યકરોએ શ્રમદાન કર્યુ હતું. આ ઉપરાંત સ્મશાન ગૃહમાં નવનિર્મિત લાકડા સંગ્રહ વિભાગનું પણ નિરીક્ષણ કરી, અહીં પણ જરૂરી સાફ-સફાઈ કરવામાં આવી હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કે જે સ્વચ્છતા અને સફાઈના ચુસ્ત આગ્રહી છે, તેમના પગલે ચાલવાના નિર્ધાર સાથે અહીંના ભાજપના કાર્યકરો દ્વારા સફાઈ કામગીરી કરવામાં આવી હતી. જિલ્લા યુવા મોરચાના માર્ગદર્શન હેઠળ શહેર યુવા મોરચા દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં કાર્યલય મંત્રી હિતેન્દ્રભાઈ આચાર્ય, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ વનરાજસિંહ વાઢેર, મિડિયા સેલના સહ કન્વીનર જયસુખભાઈ મોદી, અશોકભાઈ કાનાણી, હસમુખભાઈ ધોળકીયા, નિકુંજભાઈ વ્યાસ, પાલિકા સદસ્યો હરેશભાઈ ભટ્ટ, અજુભાઈ ગાગીયા, રાણાભાઈ ગઢવી, કિશોરભાઈ નકુમ, યુવા કાર્યકર્તા હાર્દીકભાઈ દતાણી, રાજ પાબારી, કિશન ગોહેલ સહિતના યુવા મોરચાના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## વાતાવરણ કયારે સ્થિર થશે? માંડ ગરમી વધી ત્યાં સોમ-મંગળ ફરી માવઠા

રાજકોટ તા.૮: હવામાનપલ્ટા બાદ ફરી ગઈકાલથી રાજયમાં મોટાભાગનાં સ્થળોએ હવામાન સ્વચ્છ થવા સાથે બપોરનું તાપમાન ઉંચકાયું છે અને હજુ બ દિવસ એટલે કે આજે અને આવતીકાલે અનેક સ્થળોએ ૩૮ થી ૪૦ ડીગ્રી વચ્ચે તાપમાન નોંધાશે. જોકે ફરી સોમવારથી રાજસ્થાન ઉપર બની રહેલા વધુ એક સાયકલોનીક સર્કયુલેશનની અસર હેઠળ ફરી બે દિવસ માટે રાજયમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવા ઝાપટા પડવાની શકયતા હવામાન વિભાગે દર્શાવી છે. દરમ્યાન ગઈકાલે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં અનેક સ્થળોએ સુર્યદેવતાએ આકરૂ સ્વરૂપ દેખાડયુ હતું. ગઈકાલે ૧૭ શહેરોમાં મહતમ તાપમાન ૩૬ થી ૪૦ ડીગ્રી સુધી પહોંચી જતા લોકો ગરમીમાં અકળાયા હતા. રાજયમાં ગઈકાલે હાઈએસ્ટ ગરમી ડાંગ ખાતે ૪૦ ડીગ્રી સાથે નોંધાઈ હતી. જયારે પંચમહાલમાં ૩૯ ડીગ્રી સુધી મહતમ તાપમાન પહોંચી ગયુ હતું. આ ઉપરાંત ગઈકાલે અમદાવાદ ખાતે ૩૬.૬ ડીગ્રી અમરેલીમાં ૩૭.૧, વડોદરામાં ૩૮.૬, ભાવનગરમાં ૩૬.૯, ભૂજમાં ૩૮.૨ ડીગ્રી, દાદરાનગર હવેલીમાં ૩૮, અને દાહોદમાં ૩૭.૧ ડીગ્રી, મહતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

## ખંભાળિયાની બેંકપાસેથી જામનગરના યુવાનના મોબાઈલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

ખંભાળિયાની મેઈન બજાર વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મેઈન બ્રાન્ચમાં આવેલા જામનગરમાં પત્રકાર કોલોની ખાતે રહેતા દર્શન મુકેશભાઈ વોરા નામના ૩૦ વર્ષના યુવાનનો રૂપિયા ૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન કોઈ શખ્સ ચોરી કરીને લઈ જતા આ અંગે ખંભાળિયા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

### તાળવે ચોંટ્યા મુસાફરોના જીવ

# નશામાં ધૂત યુવકે ફલાઈટમાં ઈમર્જન્સી ડોરનો ફલેપ ખોલવાનો કર્યો પ્રયાસ

### જો પેસેન્જર ઈમર્જન્સી ડોરનો ફલેપ ખુલવામાં સફળ રહ્યો હોત તો પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થવાની આશંકા વધી જાત

નવી દિલ્હી, તા.૮

વિમાનમાં પેસેન્જરો દ્વારા ગેરવર્તણૂક થતી હોવાના કિસ્સા વધી રહ્યા છે. હાલમાં જ ઈન્ડિગોની ફલાઈટમાં નશામાં ધૂત યાત્રીએ ઈમર્જન્સી ડોરનું ફલેપ ખોલવાનો પ્રયાસ કર્યો હતો. દિલ્હીથી બેંગાલુરુ જઈ રહેલી ઈન્ડિગોની ફલાઈટમાં નશામાં ધૂત યાત્રીની આ હરકતના કારણે અન્ય મુસાફરોનો જીવ જોખમમાં મૂકાયો હોત. જો તેણે ઈમર્જન્સી ડોરનો ફલેપ ખોલી નાખ્યો હોત તો પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થવાની આશંકા હતી. પ્લેનમાં નશામાં ધૂત આ મુસાફરની ઓળખ આર. પ્રતીક તરીકે થઈ છે અને તેની ઉંમર ૩૦ વર્ષ છે. એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું કે, દિલ્હીથી બેંગ્લોર જઈ રહેલી ફલાઈટ ૬ઈ ૩૦૮માં બેઠેલા એક મુસાફરે નશાની હાલતમાં ઈમર્જન્સી ડોરનો ફલેપ ખોલવાની કોશિશ કરી હતી. તેને આમ કરતો જોઈને ફલાઈટ ક્રૂએ કેપ્ટનને સતર્ક કર્યા હતા અને તે મુસાફરને ચેતવણી આપવામાં આવી હતી. પ્રવક્તાએ જણાવ્યું કે, ફલાઈટમાં બેઠેલા યાત્રીઓની સુરક્ષા સાથે કોઈ સમાધાન નથી કર્યું અને આ હરકત કરનારા આર. પ્રતીકને બેંગ્લોર પહોંચતા જ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિકયુરિટી ફોર્સને સોંપી દેવામાં આવ્યો હતો. બાદમાં બેંગ્લોર ઈન્ટરનેશનલ એરપોર્ટ પોલીસ તેને પૂછપરછ માટે લઈ ગઈ હતી. વાત કરતાં BIA પોલીસે જણાવ્યું કે, નશાની હાલતમાં પ્રતીક પ્લેનમાં બેઠો હતો અને તેણે દરવાજાનો ફલેપ ખોલવાની કોશિશ કરી હતી. અમે આઈપીસીની કલમો ૨૯૦ અને ૩૩૬ તેમજ એરક્રાફ્ટ એક્ટની સેકશન ૧૧૭ હેઠળ ફરિયાદ દાખલ કરી છે. પોલીસના કહેવા પ્રમાણે, સાથી મુસાફર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. હાલ તો પોલીસે તેને નોટિસ આપીને છોડી મૂકયો છે. પરંતુ પોલીસનું કહેવું છે કે, તપાસ ચાલી રહી છે અને તેને ફરીથી પૂછપરછ માટે બોલાવવામાં આવશે. ફલાઈટમાં પેસેન્જરોના બેકાબૂ થવાના કિસ્સા વધી રહ્યા છે. આ પહેલા ગત માર્ચના અંતમાં દુબઈથી મુંબઈ આવી રહેલી ઈન્ડિગોની ફલાઈટમાં બે મુસાફરોએ ફલાઈટ ક્રૂની ચેતવણીઓ છતાં પણ દારુ પીવાનું ચાલુ રાખ્યું હતું. જે બાદ ફલાઈટ ક્રૂ અને સાથી મુસાફરો સાથે બોલાચાલી કરી હતી. મુસાફરોના દુર્વ્યવહારની આવી કેટલીય ઘટનાઓ છેલ્લા થોડા મહિનામાં જોવા મળી છે. ઓન-બોર્ડ મુસાફરોના ખરાબ વર્તન સામે ડીજીસીએએ કેટલાક નિર્દેશો જાહેર કર્યા છે.

# જુનીયર કલાર્કની પરીક્ષામાં એસટી ડેપો દ્વારા ઓનલાઈન રીઝર્વેશનની વ્યવસ્થા કરાઈ

ગાંધીનગર, તા. ૮

પંચાયત સેવા પસંદગી મંડળની પરીક્ષાને અનુલક્ષી જિલ્લા કક્ષાએ પણ જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જયારે જિલ્લામાંથી બહારના કેન્દ્રો પર પરીક્ષા આપવા જનારા પરીક્ષાર્થીઓની સંખ્ય પણ વિશેષછે. જેને અનુલક્ષીને એસટી ડેપો કક્ષાએથી જરૂરીબસ સેવા મળી રહે તે મુજબનું પણ આયોજન કરાયુંછે. જિલ્લામાંથી આ પરીક્ષામાં અંદાજિત ૩૭ હજારથી વધુ પરીક્ષાર્થીઓ હાજરી આપવાના છે. પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આગામી તારીખ ૯ એપ્રિલના રોજ યોજનારી પરીક્ષાને અનુલક્ષીને જિલ્લા કક્ષાએ પણ જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. ગેરરીતિ આચરનારા તત્વો સામે નવા કાયદા મુજબ આકરી કાર્યવાહી કરવામાં આવશે. જયારે પરીક્ષા ખંડોમાં પણ સીસીટીવી કેમેરાની વ્યવસ્થા છે. આ ઉપરાંત પેસેજ એરિયાનું પણ મોનિટરીંગ કરવા માટે કેમેરાની વોચ રહેશે. જયારે પરીક્ષા ખંડમાં પ્રવેશ લેતા પૂર્વે પરીક્ષાર્થીઓનું સ્ક્રીનિંગ પણ કરવામાં આવશે. કોઈપણ પરીક્ષાર્થીઓએ હાલાકી ન વેઠવી પડે તે માટે ગાંધીનગર ડેપો કક્ષાએથી પરીક્ષાર્થીઓ ઓનલાઇન રિઝર્વેશન કરાવી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

**CHANGE OF NAME**

I MAHIDA HAIDARALI HANIFBHAI, I HAVE CHANGE MY OLD NAME FROM MAHIDA HEDARALI HANIFBHAITO MY NEW NAME MAHIDA HAIDARALI HANIFBHAI. PLESE NOTETHAT NOW ON WARD I WOULD BE KNOWN AS PER MY NEW NAME.

: ADDRESS :
MAHIDA HAIDARALI HANIFBHAI
Bukar faliya, Nr, Jay gopal bhuvan
JUNAGADH- 362222


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હૃદયસમા કાળવા ચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો



ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્રી નવરાત્રી નિમિત્તે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેસનું ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

ફલેટ વેંચવાનો છે
4-BHK આલિશાન એપાર્ટમેન્ટમાં બ્લોક નં. ૧૦૧ નહેરૂપાર્ક સોસાયટી, એસ.ટી. બસ સ્ટેશન પાછળ, જૂનાગઢ
મો. ૯૪૨૬૯ ૯૫૦૬૬
(દલાલોએ તસ્દી લેવી)

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

પવિત્ર રમજાન મહિના નિમિત્તે
સ્પે. પાઉ
સ્પે. બ્રેડ
સ્પે. નાનરોટી
રોજે રોજની તાજી મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

જૂનાગઢમાં ફલેટ વેંચવાનો છે
શીતલાકુંડ પાસે વેલકમ સ્કુલની બાજુમાં 3-BHK ફુલ ફર્નીચર સાથે ફલેટ વેંચવાનો છે (ઉચ્ચ જ્ઞાતિ માટે)
: કોન્ટેક :
મો. ૯૮૭૯૬ ૨૭૬૦૫

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# જુનિયર કલાર્કની પરીક્ષા સકારાત્મક માહોલમાં યોજવા જીલ્લા વહીવટી તંત્ર સજ્જ : કલેકટર અનિલકુમાર રાણાવાસીયા

## સીસીટીવી દ્વારા સમગ્ર પરીક્ષા પ્રક્રિયાનું થશે મોનિટરિંગ : ૭૯ કેન્દ્ર ઉપર ૨૩,૨૨૦ જેટલા ઉમેદવારો આપશે પરીક્ષા

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જિલ્લામાં આવતીકાલ તા.૯-૪-૨૦૨૩ રોજ ૭૯ કેન્દ્ર ઉપર જુનિયર કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા યોજનાર છે. આ સંદર્ભે પરીક્ષાર્થી ઉમેદવારો માટે સવલતો અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓ અને જરૂરી વ્યવસ્થાઓની વિગત કલેક્ટર અનિલ કુમાર રાણાવાસીયાએ આપી હતી.

તેમણે જણાવ્યું કે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જૂનાગઢ જિલ્લામાં સિનિયર કલાર્કની લેખિત પરીક્ષા સકારાત્મક માહોલમાં યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ છે. આ પરીક્ષામાં અપેક્ષિત રીતે ૨૩,૨૨૦જેટલા ઉમેદવારો પરીક્ષા આપનાર છે. તેમજણાવતા કલેક્ટરશ્રીએકહ્યુ કે, જિલ્લામાં આ પરીક્ષા સૂચારૂ રીતે યોજાય તે માટે ૧૩૬ અધિકારી, પરીક્ષા કેન્દ્રોવારએક નિરિક્ષક એટલે કે, ૭૯ બોર્ડના પ્રતિનિધિ, અંદાજિત ૧૪૩૯ જેટલા જિલ્લા વહીવટી તંત્રના કર્મચારીઓ પરીક્ષાલક્ષી ફરજો બજાવશે. ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૪૩૦ પોલીસ સ્ટાફને પણ પરીક્ષાલક્ષી બંદોબસ્તની ફરજો સોંપવામાં આવી છે. ઉપરાંત સિનિયર કક્ષાના બે અધિકારીઓ સમગ્ર પરીક્ષા પ્રક્રિયા ઉપર દેખરેખ રાખશે.

દરેક પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે કેન્દ્ર વાર એક નિરીક્ષક સીસીટીવીના માધ્યમથી પરીક્ષા પ્રક્રિયા ઉપર નજર રાખશે. ઉપરાંત ૧૫ જેટલી ફલાઈંગ સ્કોડની ટીમ પણ વિવિધ કેન્દ્રો ઉપર જઈ પરીક્ષા પ્રક્રિયાનું નિરીક્ષણ કરશે. પરીક્ષાર્થીઓની પરિવહન વ્યવસ્થા માટે ૨૩૪ જેટલા એસટી બસના રૂટ ફાળવવામાં આવ્યાં છે. સાથે જ આ માટે એક હેલ્પ ડેસ્ક પણ કાર્યરત રહેશે. ઉપરાંત પરીક્ષા દરમિયાન અવિરત વીજ પુરવઠો જળવાઈ રહે તે પીજીવીસીએલ સાથે

### ઉમેદવારોની પરિવહન વ્યવસ્થા માટે ૨૩૪ રૂટ ફાળવવામાં આવ્યા : જુનિયર કલાર્કની પરીક્ષા સંદર્ભે પત્રકાર પરિષદ સંબોધતા કલેકટર અનિલકુમાર રાણાવાસીયા

સંકલન સાધવામાં આવ્યું છે.

કલેકટરે ઉમેદવારોને સમયસર પરીક્ષા કેન્દ્ર ઉપર સ્થાન લેવા અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવતા જણાવ્યું કે, પરીક્ષા કેન્દ્ર ઉપર મોબાઈલ, સ્માર્ટ વોચ, બ્લુટુથ વગેરે ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ લઈ જવા ઉપર પ્રતિબંધિત છે. ફોટો આઈડી પ્રૂફ અને હોલ ટિકિટ અચૂક સાથે લઈ જવાની રહેશે. કલેક્ટરે જણાવ્યું કે, પેપર લીકના મામલામાં રાજ્ય સરકારે કડક કાયદો ઘડ્યો છે. આ ગુનો આચારનારને ૧૦ વર્ષ સુધીની સજા અને એક કરોડ સુધીનો દંડ થઈ શકે છે. પરીક્ષાર્થી ઉમેદવારોના પ્રશ્નોના નિરાકરણ માટે હેલ્પલાઇન નંબર ૦૨૮૫૨૬૩૬૦૩૨ ઉપર સંપર્ક કરી શકશે. ઈન્ચાર્જ અધિક નિવાસી કલેકટર અને જિલ્લા




ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી.જી. પટેલ પ્રેસ કોન્ફરન્સની પૂર્વભૂમિકા આપી હતી. કલેકટર કચેરી ખાતે આયોજિત આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ સહિતના અધિકારીઓ અને પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

# માંગરોળ તાલુકાના મુકતુપુર ગામે ભાજપના સ્થાપના દિનની ઉજવણી

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૮

તા.૬ એપ્રિલએ માંગરોળ તાલુકા ભાજપ દ્વારા મક્તુપૂર ગામે ભાજપનો ૪૪મો સ્થાપના દિવસ ઊજવવામાં આવ્યો હતો. જેમાં ભાજપ ધ્વજ તાલુકા ભાજપ પ્રભારી ચંદુભાઈ મકવાણા, પ્રમુખ દાનાભાઈ બાલસના હસ્તે ફરકાવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિડિયો કોન્ફરન્સથી લાઈવ વકત્ય સાંભળવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકોને નોટબુકો વિતરણ તેમજ જલેબી-ગાઠીયા બધાને ખવડાવી ખૂશી મનાવવમાં આવી હતી. તેમજ પ્રા.શાળાના ઓરડાનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ જેઠાભાઇ ચુડાસમા, તાલુકા ભાજપ મહામંત્રી પરબતભાઈ જોટવા, જિલ્લા ભાજપ કિસાન મોરચા માનસિંગભાઈ ડોડીયા, ભાજપ ઉપપ્રમુખ પ્રતાપબાપુ, કિસાન મોરચા પ્રમુખ સુદાભાઈ કોડીયાતર, તાલુકા પંચાયત સભ્ય બાલુભાઈ કોડીયાતર, માજી સરપંચ નારણભાઈ વાજા, સરપંચ અખીયાભાઈ, રાકેશભાઈ પરમાર, મહિલા મોરચા પુનમબેન વગેરે કાર્યકર્તા તેમજ શાળાના શિક્ષકો, બાળકો હાજર રહેલ હતા. આ



સમગ્ર કાર્યક્રમના દાતા જિલ્લા પંચાયત ન્યાય સમિતિ ચેરમેન જીવાભાઈ સોલંકી દ્વારા કરવામાં આવેલ હતું. જેમને તાલુકા ભાજપ મહામંત્રી દાનાભાઈ ખાંભલા દ્વારા અભિનંદન સાથે શુભાકામનાઓ પાઠવવામાં આવેલ હતી.

# ગીર સોમનાથ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી શાખાનું રાજયપાલના હસ્તે સન્માન

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૮

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજય શાખાની વર્ષ-૨૦૨૧-૨૨ની વાર્ષિક સાધારણ સભા, રેડ ક્રોસ ભવન, જુના વાડજ ખાતે યોજાઈ હતી. જેમાં રાજય શાખાના ચેરમેન અજયભાઈ પટેલ અને અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમા રાજયપાલ અને રેડ ક્રોસ ગુજરાતના પ્રમુખ આચાર્ય દેવવ્રતના




હસ્તે ગીર સોમનાથ જિલ્લા શાખાની પ્રવૃત્તિ માટે વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સ્વિકારવા ગીર સોમનાથ જિલ્લા શાખાના ચેરમેન કિરીટભાઈ ઉનડકટ તથા ઓન.સેક્રેટરી સેવારામ મુલચંદાણી ઉપસ્થિત રહ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાની તમામ કોર્ટમાં તા.૧૩ મેના રોજ નેશનલ લોક અદાલત યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના નિર્દેશો મુજબ સમગ્ર ગુજરાત રાજયમાં શનિવાર તારીખ ૧૩ મી મે ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક અદાલતનો લાભ મહત્તમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજ્યના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક જસ્ટિસ એ.જે. દેસાઈ દ્વારા તમામ કાનૂની સેવા સત્તા મંડળ તથા કાનૂની સેવા સમિતિ ને જરૂરી માર્ગદર્શન આપેલ છે. અમદાવાદ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના આદેશ અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા એક યાદીમાં જણાવાયા મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ કોર્ટમાં તારીખ ૧૩ મેના રોજ ફોજદારી સમાધાન પાત્ર કેસ, નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટની કલમ ૧૩૮ ના મુજબના ચેક કેસ, બેંક રિકવરી દાવા, એમ.એ.સી.પી. ના કેસ, લેબર તકરારના કેસ, લગ્ન વિષયક તકરારના કેસ, વીજળી અને પાણી બિલ પાણીના કેસ, કૌટુંબિક તકરારના કેસ, જમીન સંપાદનના કેસ વિગેરે માટે નેશનલ લોક અદાલતનું આયોજન નાલસાના એકશન પ્લાન મુજબ કરવામાં આવ્યું છે. આ લોક અદાલતમાં વધુમાં વધુ કેસો મૂકવામાં આવે તેવી અપીલ કરવામાં આવી છે. લોક અદાલતના માધ્યમથી આ કેસમાં સમાધાન કરાવવાથી લોકોને આર્થિક અને સમયની બચત થાય છે. લોક અદાલત અંગે કોઈપણ માહિતી મેળવવી હોય તો દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ડિસ્ટ્રિક કોર્ટ બિલ્ડિંગ, જનરલ હોસ્પિટલની બાજુમાં, હર્ષદપુર, સલાયા રોડ, ખંભાળિયાનો સંપર્ક કરવો. દરેક તાલુકા કક્ષાની કોર્ટમાં કેસ પેન્ડિંગ હોય તો જે તે તાલુકા કોર્ટનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન પી.એસ. કાલા તથા સેક્રેટરી એસ.એચ. બામરોટીયાની યાદીમાં જણાવાયું છે.

# વેરાવળના બાદલપરામાં વિજ્ઞાન જાથાનો જનજાગૃતિ કાર્યક્રમ સંપન્ન

## અંધશ્રદ્ધાને દેશવટો આપવો નાગરિક ધર્મ : ધારાસભ્ય ભગવાનભાઈ, સમરસ મહિલા સંચાલિત ગ્રામ પંચાયતે અદ્દભુત આયોજન કર્યુ, વિશાળ મેદાનમાં ગ્રામજનો હાજર રહ્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૮

ગીર-સોમનાથ જિલ્લાના બાદલપરા સમરસ મહિલા સંચાલિત ગ્રામ પંચાયત ઉપક્રમે ગ્રામજનો, જનસમાજમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. અંધશ્રદ્ધાને દેશવટો આપવો નાગરિક ધર્મ ઉપર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિશાળ જનમેદનીની હાજરીમાં જાથાનો ૧૦૦૧૭ મો કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટનમાં ગામના સરપંચ કાંતાબેન વાળા, ઉપસરપંચ નયનાબેન બારડ, રાજીબેન બારડ, રમાબેન પંપાણીયા, મંજુબેન રામ, આગેવાનો લક્ષ્મણભાઈ પીઠવા, મેરશીભાઈ બારડ, ભીખુભાઈ બારડ હાજર રહ્યા હતા. ધારાસભ્ય ભગવાનભાઈ બારડે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે અંધશ્રદ્ધાથી લોકોને પાયમાલી-બરબાદી મળી છે. અંધશ્રદ્ધા, વ્હેમ, ચમત્કારોને દેશવટો આપવો નાગરિક ધર્મ છે. વ્યસન, કુરિવાજ માનવીના અવરોધક પરિબળો છે તેને તિલાંજલિ આપવી જોઈએ. જાથાનો ૨૩ વર્ષ પહેલા આ ગામમાં કાર્યક્રમ યોજયો હતો. સમાજના ઉત્થાનમાં જાથાની પ્રવૃત્તિ ઉપકારક છે. હું વ્યક્ગિત જાથાથી પ્રભાવિત છું. પોતાના અનુભવો વાગોળ્યા હતા. જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે આપણે ૨૧ મી સદીમાં વિહાર કરીએ છીએ. વિજ્ઞાનનો ડગલે ને પગલે ઉપભોગ કરીએ છીએ. વિજ્ઞાનથી માનવજાત સુખી-સંપન્ન થઈ છે. દેશે અસાધારણ પ્રગતિ કરી છે. તર્કને હર પળે ઉપયોગ કરવો જોઈએ. આપણી પ્રગતિ માટે સતત વિચારવું જોઈએ. પોતાના પરિવારને ધ્યાને રાખી, વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો, કુરિવાજો, વર્ષો જુની માન્યતા-પરંપરાઓ, કર્મકાંડ-ક્રિયાકાંડોને ફગાવી નવાંગતુક વિચારોને પ્રાધાન્ય આપવું જોઈએ. ભાવિ પેઢીને ધ્યાનમાં રાખી શિક્ષણ, પુરૂષાર્થને અગ્રતા આપી દેશપ્રેમ-દેશદાઝ માટે નાગરિક ધર્મ બજાવવો જોઈએ. આ સદી જડતા, અહંકાર માટેની નથી. માનવીએ દર મિનિટે નવો વિચાર કરવો જોઈએ. માનવીએ સાચા-ખોટાની હકિકત જાતે ચકાસવી જોઈએ. આંધળુકીયું અનુકરણ ખતરાની આલબેલ છે. બાદલપરા ગામે રાષ્ટ્રને રાહ બતાવ્યો છે. આ ગામમાં આઝાદી પછી કયારેય ચૂંટણી થઈ નથી. ગામની પ્રગતિ નજરે જોઈ શકાય છે. સ્વચ્છતા નજરે જોવી જોઈએ. ગ્રામજનોને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. આ ગામમાં બારડ પરિવારોએ વાસ્તવમાં કામ કર્યુંછે તેનું પરિણામ લાભ ગ્રામજનો મેળવે છે તે દાખલારૂપ છે. ગામની એકતાને વંદન કરવા જોઈએ. જાગૃતોએ એકવાર ગામની મુલાકાત લેવી જોઈએ. ભૂત-પ્રત, ચુડેલ, ડાકણ અસ્તિત્વ જ નથી તે ખોટા વિચારો કાઢી નાખવા જોઈએ. ભારતમાં ગરીબી-જનસંખ્યાના કારણે અનેક પ્રકારની સમસ્યાઓ જોવા મળે છે તેનો લાભ લેભાગુઓ મેળવે છે. વિશેષમાં જાથાના પંડયાએ જણાવ્યું હતું કે જનસમાજની આત્મા અને પુર્નજન્મની વાતો વિજ્ઞાને કપોળ કલ્પિત સાબીત કરી છે. શરીરમાં કોઈ આત્મા જ નથી. જન્મ સમયે પ્રવેશવું અને મૃત્યું પ્રસંગે બહાર નીકળવું આ વાતો કેવળ અજ્ઞાનના કારણે જ પ્રચલિત છે. હકીકતે નર્યુ જુઠાણું છે. વિજ્ઞાને અને ડોકટરોએ શરીર રચનામાં ક્યારેય આત્માનું હોવું તે પ્રતીતિ જોવા મળી નથી. પ્રયોગો કર્યા પરંતુ પરિણામ શૂન્ય આવ્યું છે. લોકોને દ્રષ્ટાંત આપતા જણાવ્યું કે પ્રત્યેક જીવમાં આત્મા હોય તો સાબિતી અર્થે એરટાઈટ કાચની શીશીમાં કીડી, મકોડા કે અન્ય નાના જીવને પુરી પેક કરી દેવામાં આવે તો થોડા સમય બાદ અંદર રહેલા જીવો ઓકિસજન ન મળવાના કારણે મૃત્યું થાય છે. વાસ્તવમાં શીશી આત્માને કારણે તુટી જતી નથી. વધુમાં પંડયાએ જણાવ્યુંકે માનવ જાતને સૌથી મોટું નુકશાન મેલીવિદ્યાએ નહિં પણ તેના પોતાના મનના નબળા વિચારોએ જ પહોંચાડયું છે. આપણા દેશમાં મેલીવિદ્યાની તરેહ તરેહની વાતો સૈકાઓથી ચાલી આવે છે એટલે આવી કાલ્પનિક શક્તિનું અસ્તિત્વ એ આપણને મળેલો સાંસ્કૃતિક વારસો છે. ભયભીત, નબળા મનના અને પોતાની જાતને અપરાધી સમજતા લોકો આવી દંતકથાઓને સાચી માની લઈ તેનો પ્રત્યક્ષ કાલ્પનિક અનુભવના આધારે કરે છે. હકિકતમાં આવી ઘટના માત્ર વ્યક્તિના મનમાંજ ઘટે છે, બહારની દુનિયામાં નહીં. ભયભીત માણસની આંખ એજ જુએ છે જે તેનું મન વિચારે છે એટલે આવી



ચમત્કારિક શક્તિનું અસ્તિત્વ માણસના મનમાં છે, બહારની દુનિયામાં નહિં. ભૂત, પ્રેત, વળગાડ વિગેરે માનીસક રોગની નિશાની છે. હિસ્ટેરીયા, સ્કીજેફેનીયા, સીન્ડ્રોમ અને જુદા જુદા રોગના દર્દીને વળગાડ કે છાયો માની ખોટા ઉપચાર કરવામાં આવે છે. વાસ્તવમાં તે સાઈકયાટ્રીકનો દર્દી હોય ડોકટર પાસેજ ઉપચાર કરાવવો જોઈએ. જે જે ધર્મસ્થાનો વળગાડ મટાડવાનો દાવો કરે છે તે પોકળ અને ભરમાવનારો છે તેથી લોકોએ સાવધ રહેવું જોઈએ. વિજ્ઞાન જાથાની ટીમના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, વિપુલ ગોસ્વામી, સિધ્ધાર્થ દેગામી, ભીખુભાઈ બારડ, ભકિતબેન રાજગોર, હર્ષાબેન પંડયા, ભારતીબેન દેગામીએ ચમત્કારિક પ્રયોગો એકના ડબલ, ધગધગતો અગ્નિ ખાવા, મનગમતી મીઠાઈ, કાનેથી ચિઠ્ઠી વાંચવી, હાથમાંથી કંકુ-ભસ્મ નીકળવું, આકસ્મિક રીતે કોઈપણ વસ્તુ સળગાવવી, પોટેશિયમ પરમેનેગેન્ટ, એમોનિયમ ડાયક્રોમીક, ગ્લીસરીન, સોડીયમ મેટલ, મીથાઈલઆલ્કોહોલ, મરકયુરીક કલોરાઈડ, ફીનોપ્થેલીન, ચુનાનું દ્રાવણ, પીળો-સફેદ ફોસ્ફરસ, અનેક કેમીકલની મદદથી વૈજ્ઞાનિક ચમત્કારોનું નિદર્શન કરી સ્થળ ઉપર ગ્રામજનોને શીખવી દેવામાં આવેલ. રાજયમાં ગામ-શહેરમાં પોતાની આસપાસ દોરા-ધાગા, મંત્ર-તંત્રના નામે છેતરપિંડી, ભુવા-ભારાડી, જયોતિષીઓથી છેતરાયેલા લોકોએ માહિતી મો. ૯૮૨૫૨૧૬૯૮૯ ઉપર આપવી જરૂરી છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા.૧૬ એપ્રિલના રોજ ખાસ ઝુંબેશ

## તા.૨૦ એપ્રિલ સુધી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સમાવિષ્ટ ખંભાળિયા વિધાનસભા મતદાર વિભાગ તથા દ્વારકા વિધાનસભા મતદાર વિભાગોમાં સંકલિત મતદારયાદીના મુસદ્દાની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાંઆવેલ છે. હાલમાં તા. ૨૦એપ્રિલ સુધી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી રવિવાર તા. ૧૬ એપ્રિલના ખાસ ઝુંબેશના દિવસના રોજ જિલ્લાના તમામ મતદાન મથકોએ તા. ૧ એપ્રિલની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે. લાયકાત ધરાવનાર કોઈ નાગરિકનું મતદાર યાદીમાં નામ દાખલ કરવાનું બાકી હોય તો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમમાં ૧૮ થી ૧૯ વર્ષની વય ધરાવતા હોય તેવા નાગરિકોના નામ નોંધણી કે ઉમેરવાના બાકી હોય તેઓને માટે આ ઝુંબેશ મહત્વની રહેશે. તા. ૧ ઓક્ટોબર ૨૦૨૩ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તેવા વ્યક્તિઓ પણ મતદારયાદીમાં નામ નોંધણી માટે ફોર્મ નં. ૬ ભરી શકશે, આગામી સમયમાં જ્યારે તેઓને ૧૮ વર્ષ પૂર્ણ થશે ત્યારે તેનો નિર્ણય કરવામાં આવશે. ત્યારબાદ તેઓનું નામ મતદાર યાદીમાં દાખલ કરવામાં આવશે. યુવા નાગરીકોને મતદાતા નોંધણી વિશે માહિતગાર કરવા ઝુંબેશનો પ્રચાર-પ્રસાર કરવા માટે જિલ્લામાં આવેલ ૧૫ કોલેજોના ૨૦ જેટલા કેમ્પસ એમ્બેસેડર દ્વારા કોલેજોમાં વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવશે. વધુમાં વધુ યુવા મતદારો ટેક્નોલોજીનો ઉપયોગ કરી ઓનલાઈન ફોર્મ ભરવા માટે વોટર હેલ્પલાઈન એપ અને એન.બી.એસ.પી. (NVSP) વેબસાઈટનો ઉપયોગ કરે તે માટે તેઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. જિલ્લામાં ભાવી મતદારો માટેની કુલ ૧૮૨ સાક્ષરતા કલબ, ૩૯૯ ચુનાવ પાઠશાળાઓ અને ૯૩ વોટર અવેરનેસ ફોરમ કાર્યરત છે. જિલ્લામાં હાલ ખંભાળિયા વિધાનસભા મતવિસ્તારમાં ૩,૦૨,૬૦૩ તથા દ્વારકા વિધાનસભા મતવિસ્તારમાં ૨,૯૨,૬૫૪ મળી કુલ ૫,૯૫,૨૫૭ મતદારો છે. જિલ્લાનો જેન્ડર રેશિયો ૯૪૮ તેમજ ઈ.પી. (EP) રેશિયો ૭૧.૮૬ટકા છે. જિલ્લાના ૬૫૨ બીએલઓ, ૭૧ સુપરવાઈઝર, નાયબ મામલતદાર અને ૪ તાલુકા મામલતદાર, ૪ તાલુકા વિકાસ અધિકારી, બંને પ્રાંત અધિકારી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લાની ચૂંટણી શાખાની ટીમ દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવશે. આ ખાસ ઝુંબેશ અંતર્ગત આગામી રવિવાર તા. ૧૬ ના રોજ સવારે ૧૦થી ૫ સુધી જિલ્લાનાં તમામ વિધાનસભા મત વિભાગમાં પ્રત્યેક મતદાન મથકો ખાતે બૂથ લેવલ ઓફિસર ઉપસ્થિત રહશે. જ્યાં મતદારયાદીની વિગતો ચકાસી શકશે તેમજ મતદાર યાદીમાં મતદાર તરીકે નોંધણી કરાવવા માટે ફોર્મ ભરીને સ્થળ પર રજૂ કરી શકશે. આ ઉપરાંત મતદાર યાદીમાં રહેલા મતદારો પૈકી લાગુ કિસ્સામાં નામ કમી કરવા, ફોટો કે વિગતો સુધારવા માટે, સ્થળ ફેરફાર માટે તેમજ ઈ.પી.આઈ.સી. (EPIC) કાર્ડનું આધાર કાર્ડ સાથે લીંક કરવા ફોર્મ નં. ૬-બી ભરીને રજૂ કરી શકશે. નિયત નમૂનામાં કોરા ફોર્મ્સ મતદાન મથક ખાતે ઉપસ્થિત બૂથ લેવલ ઓફિસર પાસે ઉપલબ્ધ રહેશે. કોઈ મતદાર ઓનલાઈન ફોર્મ ભરવા માંગે તો Voter Helpline Application મોબાઈલમાં ડાઉનલોડ કરી અરજી કરી શકાશે. આ ઉપરાંત www.voterportal.eci.gov.in અને voters.eci.gov.in વેબસાઈટ ઉપર જઈ સરળતાથી ફોર્મ ભરી શકે છે. જેમાં તેઓએ જરૂરીયાત મુજબના સ્વયં પ્રમાણિત પુરાવા અપલોડ કરવાના રહેશે તેમ દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવાયુંછે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# 'એક દેશ એક પેન્શન'ની વાત સરકારો કેમ નથી કરતી ? વેધક સવાલ

ગત દિવસોમાં કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે સરકારી કર્મચારીઓ માટે રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી (એનપીએસ)માં સુધારા માટે એક સમિતિની રચના કરવાની જાહેરાત કરી. યાદ રહે કે કેન્દ્ર સરકારે ૨૦૦૪માં નાણાંકીય બોજને ધ્યાનમાં રાખતાં જૂની પેન્શન પ્રણાલી (ઓપીએસ) બંધ કરી દીધી હતી. તેની જગ્યાએ નવી પેન્શન પ્રણાલી (એનપીએસ) લાવ્યા હતા. હવે દેશમાં ફરીથી ઓપીએસ લાગુ કરવાની માંગ ઊઠી રહી છે. તેને જોતાં વિપક્ષી દલો દ્વારા શાસિત કેટલાંક રાજ્યો - છત્તીસગઢ, ઝારખંડ, રાજસ્થાન, પંજાબ અને હિમાચલ પ્રદેશે ઓપીએસ અપનાવી લીધી છે. ત્યાં જ અન્ય કેટલાય રાજ્યોએ પણ તેના પર વિચાર કરવા માટે સમિતિઓ બનાવી છે. હવે બધાની નજરો તેમના રિપોર્ટ પર ટકેલી છે, કારણ કે માનવામાં આવે છે કે આગળનો નિર્ણય એમની ભલામણો પર જ કરવામાં આવશે.

જોકે આ દરમ્યાન એક સવાલ ઊભો થાય છે કો જોસરકારોને નાણાંકીય બોજની એટલી જ ચિંતા હોય તો પછી તેઓ સાંસદો અને ધારાસભ્યો માટે પણ 'એક દેશ એક પેન્શન'ની વાત કેમ નથી કરતી? સરકાર જનપ્રતિનિધિઓને એનપીએસના ફાયદા કેમ નથી સમજાવી શકતી? જનસેવા માટે જાતે જ આગળ આવેલા આ માનનીયો એક દિવસની પણ જનસેવાની કિંમત આજીવન પેન્શન રૂપે વસૂલી રહ્યા છે. જ્યારે સરકારી વિભાગોમાં પોતાનું સમગ્ર જીવન ખપાવી ચૂકેલા વ્યક્તિના ૧૦ ટકા પગાર કપાત બાદ પણ વૃધત્વ અસુરક્ષિત છે. સામાન્ય રીતે કોઈપણ નેતા જેટલી વાર એમપી-એમએલે બને છે, તેનું પેન્શન એ હિસાબે વધતું જાય છે. સાથે જ જો કોઈ નેતા ધારાસભ્ય અને વારાફરતી લોકસભા-રાજ્યસભા સદસ્ય એટલે કે ત્રણેય રહી ચૂક્યા હોય તો તેને ત્રણેયનું પેન્શન મળે છે! જે દેશમાં ૮૦ કરોડ લોકોને મફતમાં અનાજ આપવામાં આવી રહ્યું હોય, ત્યાં શું આવી જનતાના પ્રતિનિધિઓએ રાજાની જેમ રહેવું જોઈએ? લગભગ ૮૫ ટકા સાંસદ કરોડપતિ છે. આ જ માનનીય ફક્ત ૬૦૦ રૂપિયાની સામાજિક સુરક્ષા પેન્શનથી જનતાના ગુજારાની વાત કરે છે અને એનપીએસને વધુ સારી સ્કીમ ગણાવે છે.

સાંસદોને ૧૯૭૬માં ૩૦૦ રૂપિયા પ્રતિ મહિને મળનારા મૂળ પેન્શન ૨૦૧૮માં ૨૫,૦૦૦ રૂપિયા (અન્ય ભથ્થાં અલગથી) પ્રતિ મહિનો કરી દેવામાં આવ્યા. તે ઉપરાંત એક સાંસદના નિધન થવાની સ્થિતિમાં તેના પતિ કે પત્ની માટે ફેમિલી પેન્શનની અલગથી વ્યવસ્થા છે. જોગવાઈ તો એ પણ છે કે દર પાંચ વર્ષ પર સાંસદોના વેતન અને પેન્શનમાં સંશોધન કરવામાં આવશે. લગભગ ૨૬૦૦ પૂર્વ સાંસદો/આશ્રિતોને ફેમિલી પેન્શન મળી રહ્યું છે, જેના પર લગભગ ૨૦૦ કરોડ રૂપિયા દર વર્ષે ખર્ચ થઈ રહ્યા છે. એક આરટીઆઈથી મળેલા જવાબ અનુસાર દર વર્ષે પ્રત્યેક સાંસદને વેતન અને ભથ્થાં રૂપે સરેરાશ ૩૦ લાખ રૂપિયા ચૂકવવામાં આવે છે. ૨૦ રાજ્યો તો એવાં છે, જે પોતાના પૂર્વ ધારાસભ્યોને કોઈ સાંસદ કરતાં વધારે પેન્શન આપે છે. આજે મણિપુરમાં એક પૂર્વ ધારાસભ્યને દર મહિને ૭૦ હજાર રૂપિયાનું મૂળ પેન્શન મળે છે. તેમાં અન્ય ભથ્થાં જોડાયા બાદ પેન્શનની રકમ બેથી ત્રણ ગણી વધી જાય છે. એવા કેટલાય પૂર્વ સાંસદો/ધારાસભ્યોને પણ પેન્શન આપવામાં આવી રહ્યું છે, જેમનો કાર્યકાળ થોડા સમય માટે જ હતો. ઉદાહરણ તરીકે આંધ્ર પ્રદેશની મુમિદિવરમ વિધાનસભા સીટ પર ૧૯૯૪થી ૧૯૯૮ વચ્ચે ત્રણ ધારાસભ્ય રહ્યા. સૌથી પહેલાં ત્યાંથી કોંગ્રેસના બી.સુબ્બારાવ જીત્યા હતા. બે વર્ષ બાદ પેટા ચૂંટણી થઈ અને તેલુગુ દેશમ પાર્ટીના જીએમસી બાલાયોગી ધારાસભ્ય બન્યા. બાદમાં તો તે લોકસભા સ્પીકર બની ગયા અને ફરીથી થયેલ પેટાચૂંટણીમાં વિવેકાનંદ ધારાસભ્ય ચૂંટાયા. આ રીતે એક સીટ અને એક જ કાર્યકાળ માટે ત્રણેય ધારાસભ્યોને પેન્શન ચાલુ થયું! દર વર્ષે ઉત્તર પ્રદેશ ૧૦૦ કરોડ, હરિયાણા ૩૫ કરોડ, રાજસ્થાન ૪૦ કરોડ, મહારાષ્ટ્ર ૮૦ કરોડ અને બિહાર ૬૦ કરોડ રૂપિયા પોતાના પૂર્વ ધારાસભ્યોના પેન્શન અને અન્ય ભથ્થાં પર ખર્ચ કરે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ઘમંડીને હાથ જોડીને વશમાં કરી શકાય છે.

- આચાર્ય ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર વદ-૨, તા.૮ એપ્રિલ ૨૦૨૩, શનિવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૧૬, સ્વાતિ નક્ષત્ર, વજ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૩૮, સૂ.અ.૭:૦૮

આજનો દિવસ બપોરે ૧:૫૮ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.
વૃષભ: મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.
મિથુન: ઈચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.
સિંહ: રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજનો પાર કરી શકશો.
કન્યા: આર્થિક લાભની તક મળે. તકનો લાભ ઉઠાવી શકશો.
તુલા: વડીલ વર્ગ સાથે સંઘર્ષ થાય. વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ.
વૃશ્ચિક: મનમાં આનંદ રહે. પ્રતિકૂળ સમયમાંથી માર્ગ કાઢી શકશો.
ધન: મનમાં વ્યથા રહે. નાણાંભીડ અનુભવાય.
મકર: અંગત મૂંઝવણો દૂર થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
કુંભ: સફળતા માટે મહેનત વધારજો, મિત્ર વર્તુળથી લાભ રહે.
મીન: વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનવર્ગથી લાભ થાય.

# શું તમે ખેતીની 'ઝૂમ' પદ્ધતિ વિશે સાંભળ્યું છે ? જાણો ખેતીની પદ્ધતિ અને તેના ફાયદા અને ગેરફાયદા




ભારત એક કૃષિપ્રધાન દેશ છે અને લગભગ ૬૦ટકા વસ્તી ખેતી પર નિર્ભર છે, તેથી જ ભારતમાં કૃષિ ક્ષેત્રને લઈનેસતત નવા પ્રયોગો કરવામાં આવે છે. જૂના જમાનામાં ખેતી ઘણી અલગ-અલગ પદ્ધતિઓ અને રીતો અપનાવીને કરવામાં આવતી હતી અને આજે પણ આમાં સમાવિષ્ટ અનેક વિવિધ પદ્ધતિઓ અપનાવીને ખેતી કરવામાં આવે છે. જેમાંથી એક ઝૂમ પદ્ધતિ છે. આપને જણાવી દઈએ કે ઝૂમ પદ્ધતિ એ જૂની ખેતીનો એક પ્રકાર છે જે આજકાલ ચર્ચામાં છે.

જો કે ઝૂમ પદ્ધતિ દેશના કેટલાકવિસ્તારોમાં જ કરવામાં આવે છે કારણ કે દેશમાં એવા ઘણા લોકો છે જેઓ ઝુમની ખેતી વિશેવધુ જાણતા નથી. માહિતીના અભાવે ઘણા લોકો આ પદ્ધતિ અપનાવી શકતા નથી, પરંતુ જે ખેડૂતો ઝુમ ખેતી વિશે જાણે છે તેઓ ઝુમની ખેતી કરીને ખૂબ સારી કમાણી કરી રહ્યા છે. દરમિયાન, ઝૂમ પદ્ધતિનો ઉપયોગકરીને કરવામાંઆવતી ખેતીના ફાયદા અને ગેરફાયદા જાણીએ.

**ઝૂમ ખેતી પદ્ધતિ**

ઝૂમ ખેતીની પદ્ધતિ બધાથી અલગ છે. ખેતીમાં, જ્યારે પાક લેવામાં આવે છે, તે જમીન થોડા વર્ષો માટેખાલી રાખવામાંઆવે છે,થોડા વર્ષોમાં આ ખાલી જમીન પર વાંસ અથવા અન્ય જંગલી વૃક્ષો ઉગે છે, પછી આ જંગલને કાપીનેબાળી નાખવામાં આવે છે, જે પાછળથી ખાતર તરીકે ઉપયોગમાં લેવાય છે. જેમ જો કે ત્યાં પહેલેથી જ વૃક્ષો કે વનસ્પતિઓ ઉભી છે, તો તેને બાળીને પણ ઝુમની ખેતી કરી શકાય છે. અને બળી ગયેલા જંગલને સાફ કર્યા બાદ ખેડાણ કરીને બીજ વાવવામાં આવે છે.

જણાવી દઈએ કે આ સંપૂર્ણપણે પ્રકૃતિ પર નિર્ભર છે. હવે આ જમીન પર ફરીથી વૃક્ષો અને છોડ ઉગે છે અને પછી જમીન સાફ કરીને ખેતી કરવામાં આવે છે, પરંતુ આ માત્ર થોડા વર્ષો માટે જ થાય છે. આ રીતે, તે એક શિફ્ટિંગ એગ્રીકલ્ચર છે જેમાં થોડા સમય પછી ક્ષેત્ર બદલવું પડે છે. આ ખેતી ઉષ્ણ કટિબંધીય વન પ્રદેશોમાં કરવામાંઆવે છે.

**આ પાકોની ખેતી કરી શકાય છે**

તમામ પાક ઝુમની ખેતી હેઠળ ઉગાડી શકાય છે, જેમાં મકાઈ, મરચા અને શાકભાજી મુખ્ય પાક છે. આ પદ્ધતિમાં મોટાભાગે શાકભાજી અને ટૂંકા ગાળાના પાકને મહત્વઆપવામાં આવે છે. પાકમાંથી બચેલા અવશેષો અને જમીનમાં ઉગેલા નીંદણને જમીનમાં છોડવામાં આવે છે જે આગામી પાક માટે ખાતર તરીકે કામ કરે છે.

**ઝુમખેતીના ફાયદા**

આ પ્રકારની ખેતીમાં ઉંડી ખેડાણ અને વાવણીની જરૂર નથી. આમાં, ખેતરની સફાઈ કર્યા પછી, જમીનના ઉપરના સ્તરને હળવું દૂર કરીને અને બીજ વાવવાથી જ બીજ અંકુરણની સંભાવના છે. તે મોટે ભાગે પછાત અથવા પહાડી વિસ્તારોમાં ઉપયોગમાં લેવાય છે, જે આધુનિક કૃષિ તકનીકોની પહોંચથી દૂર છે અથવા ખેડૂતો માટે ખર્ચાળ પ્રક્રિયા છે.

**ઝુમનીખેતીના ગેરફાયદા**

જમીનમાં પોષક તત્વો ખતમ થઈ ગયા બાદ બીજી વખત વનસ્પતિ ઉગાડવામાં અને કાપીને બાળવાના સમયમાં ૧૫-૨૦ વર્ષનો તફાવત હોય છે, જેના કારણે આ પદ્ધતિમાં ખેતી કરવી અશક્ય છે. મેદાનો તેમજ તે પર્યાવરણને નુકસાન પહોંચાડે છે.

**ઝુમ ફાર્મિંગમાં ખાદ્ય સુરક્ષા**

સ્થળાંતરિત કૃષિ અપનાવતા સમુદાયોમાં વધારો થયો છે, પરંતુ કૃષિ ખાદ્ય સુરક્ષાને સ્થાનાંતરિત કરવાથી પરિવારોને પૂરતી રોકડ મળતી નથી. પાયાની ખાદ્ય ચીજવસ્તુઓ અને અનાજની વ્યાપક પહોંચ સુનિશ્ચિત કરવા માટે જાહેર વિતરણ વ્યવસ્થા વિસ્તરી રહી છે. અગાઉ ઝુમના ખેડૂતો ૧૦-૧૨ વર્ષ પછી પડતર જમીનમાં પાછા ફરતા હતા પરંતુ હવે તેઓ માત્ર ૩-૫ વર્ષમાં જ પાછા ફરે છે કારણ કે તેનાથી જમીનની ગુણવત્તાને ઘણી અસર થઈ છે.

# નાસા રોવર ચેલેન્જમાં સામેલ થશે ભારતની ૧૧ ટીમ, જાણો શું છે આ ચેલેન્જ



નાસા રોવર ચેલેન્જ યોજાશે. જેમાં ૧૧ ટીમ નાસા રોવર ચેલેન્જમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ ટીમોમાં ત્રણ હાઈસ્કૂલ ગ્રુપ છે. ટીમો અલાબામાના હન્ટ્સવિલેમાં યુએસ એજન્સીના સ્પેસ એન્ડ રોકેટ સેન્ટરમાં જવા માટે તૈયાર થઈ ગઈ છે. આ ટીમો આમાં ભાગ લેવા માટે ત્યાં જશે. જણાવી દઈએ કે નાસા રોવર ચેલેન્જમાં કુલ ૬૧ ટીમ ભાગ લઈ રહી છે. દ્રછજીછ રોવર ચેલેન્જ હેઠળ, વિદ્યાર્થીઓની ટીમો માનવ સંચાલિત રોવર્સની ડિઝાઈન અને વિકાસ કરે છે.

આમાંથી કેટલીક સંસ્થાઓએ ગયા વર્ષે પણ આ ચેલેન્જમાં ભાગ લીધો હતો. તેમાં વેલ્લોર ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી, વેલ્લોર અને ચેન્નાઈ, હિન્દુસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ સાયન્સ, ચેન્નાઈ, BITS પિલાની અને એમિટી નોઈડા, દ્રૈંઈ ગ્રુપ ઑફ ઈન્સ્ટિટ્યુશન્સ, ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે. જણાવી દઈએ કે નાસાએ ગયા વર્ષે ઓકટોબરમાં પસંદગીની ટીમોની યાદી જાહેર કરી હતી.

**નાસા રોવર ચેલેન્જ શું છે?**

દ્રછજીછ રોવર ચેલેન્જ હેઠળ વિદ્યાર્થીઓની ટીમો માનવ સંચાલિત રોવર્સની ડિઝાઈન અને વિકાસ કરે છે. આ ચેલેન્જમાં આ ટીમોને અલગ-અલગ ટાસ્ક આપવામાંઆવશે, જે આ ટીમોએ પૂર્ણ કરવાના છે. રોવર્સને ડિઝાઈન કરવાની તેમની ક્ષમતાના આધારે ટીમોનું મૂલ્યાંકન કરવામાં આવશે. તેમાં ૧૦ અવરોધ અને ૫ ટાસ્ક છે. તેના બદલે વિદ્યાર્થીઓની ટીમોને નંબર આપવામાં આવે છે. જે ટીમ સૌથી વધુ પોઈન્ટ મેળવે છે તે વિજેતા છે. એક ટીમમાં ઓછામાં ઓછા બે લોકો ફરજિયાત છે. આમાંથી, એક મહિલા સહભાગી જરૂરી છે.

# ખાદ્યતેલના ભાવમાં ફરી ભડકો, ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

## હાલમાં માવઠાને લીધે મોટાભાગના યાર્ડ બંધ રાખવામાં આવ્યા છે તેના લીધે મગફળીની આવક પણ ઓછી છે, મધ્યમ વર્ગ પર ફરીથી મોંઘવારીનો માર

રાજકોટ, તા.૮



સીંગતેલના ભાવમાં ૩૦ રૂપિયા નો વધારો થયો છે જ્યારે છેલ્લા ત્રણ દિવસમાં સિંગતેલના ભાવમાં કુલ ૯૦ રૂપિયાનો વધારો થયો છે. સિંગતેલનો ડબ્બો ૨૯૧૦-૨૯૬૦ પર પહોંચ્યો છે. જ્યારે કપાસિયા તેલમાં ડબ્બે રૂ ૧૫નો વધારો થતા કપાસિયા તેલનો ડબ્બો ૧૮૪૦-૧૮૯૦ પહોંચ્યો છે અને પામોલીન તેલના ભાવમાં રૂ.૧૫ વધતા ડબ્બો ૧૬૦૦-૧૬૦૫ પહોંચ્યો છે અને સનફલાવર તેલના ડબ્બાનો ભાવમાં રૂ. ૧૦નો વધારો થતા રૂ. ૧૮૨૦-૧૮૪૦ ડબ્બાનો ભાવ થયો છે. સીંગતેલના ભાવ વધારાને લઈને વેપારીએ ઝી ૨૪કલાક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ સીઝનમાં મગફળીનું ઉત્પાદન ઓછું થયું હોવાને લીધે ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ભાવ વધારો વધુ જોવા મળશે ઉપરાંત હાલમાં માવઠાને લીધે મોટાભાગના યાર્ડ બંધ રાખવામાં આવ્યા છે તેના લીધે મગફળીની આવક પણ ઓછી છે. આ બધા પરિબળને લીધે સીંગતેલના ભાવમાં વધારો થયો છે છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૯૦ રૂપિયાનો વધારો થયો છે સીંગતેલના ભાવ વધારાને લીધે ધંધામાં પણ ૩૦ ટકા અસર જોવા મળી છે આવનારા દિવસોમાં સીંગતેલના ડબ્બા નો ભાવ ? ૩૨૦૦ ની સપાટી વટાવે તેવી પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે. સામાન્ય રીતે મોટાભાગના લોકો દિવાળી બાદ મગફળીની સારી આવક થતી હોવાને લીધે ભાવ પણ ઓછા હોય છે જેથી આ સમય ગાળામાં આખા વર્ષ માટેના તેલની ખરીદી કરતા હોય છે. પરંતુ ગત વર્ષની તુલનાએ આ વર્ષે ૫૦૦ જેટલો ભાવ વધારો છે સાથોસાથ આ સમયગાળામાં લોકો આખા વર્ષના ઘઉં તેમજ મરી મસાલાની પણ ખરીદી કરતા હોય છે પરંતુ સીંગતેલમાં સતત વધતા જતા ભાવને લીધે ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે સાથોસાથ ઘઉં તેમજ મરી મસાલામાં પણ ૩૦ટકા જેવો ભાવ વધારો જોવા મળ્યો છે. ખાદ્ય તેલ, મરી મસાલા, ઘઉં સહિતની આખા વર્ષ માટેની વસ્તુની ખરીદી આ સમયગાળામાં કરવામાં આવતી હોય છે પરંતુ આ તમામ વસ્તુમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૩૦ ટકા જેવો ભાવ વધારો થતાં ક્યાંક ને ક્યાંક ગૃહિણીઓએ ખરીદીમાં ૫૦% જેટલો કાપ મૂકી દીધો છે મોંઘવારી દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે તે બજેટમાં ઘર ચલાવવું ગૃહિણીઓને ખૂબ જ મુશ્કેલ પડી ગયું છે.

# પાકિસ્તાનને તાત્કાલિક લોનની જરૂર, ૪૦ લાખ લોકો ગરીબીની પકડમાં, વર્લ્ડ બેંકની ચેતવણી



વોશીંગ્ટન તા. ૮

પાકિસ્તાન ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. લાખ પ્રયાસો છતાં સ્થિતિ હાથમાંથી નીકળી રહી હોય તેવું લાગી રહ્યું છે. આ દરમિયાન વર્લ્ડ બેંકે પાકિસ્તાનને લઈને મોટો ખુલાસો કર્યો છે. વર્લ્ડ બેંક અનુસાર, સતત આર્થિક આંચકાઓને કારણે પાકિસ્તાનના લગભગ ૪૦ લાખ લોકો ગરીબીની ઝપેટમાં આવી ગયા છે. આ સાથે વિશ્વ બેંકે ચેતવણી આપી છે કે પરિસ્થિતિ વધુ બગડે તે પહેલા પાકિસ્તાને તુરંત વિદેશથી લોનની વ્યવસ્થા કરવી જોઈએ. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

ધ એકસપ્રેસ ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, વિશ્વ બેંકે પાકિસ્તાનની આર્થિક સ્થિતિને જોતા આવનારા જોખમો અંગે ચેતવણી પણ આપી છે. વર્લ્ડ બેંકનું કહેવું છે કે જો જાહેર દેવાની કટોકટીથી બચવું હોય તો પાકિસ્તાનને વહેલી તકે વિદેશમાંથી લોનની વ્યવસ્થા કરવી પડશે. પાકિસ્તાનના ફ્લેગશિપ રિપોર્ટ પાકિસ્તાન ડેવલપમેન્ટ અપડેટે ૨૯.૫ ટકાના સરેરાશ ફુગાવાના દર સાથે સપાટ આર્થિક વૃદ્ધિની આગાહી કરી છે, જે ગંભીર જોખમને રજૂ કરે છે. ધ ટ્રિબ્યુન એક્સપ્રેસના અહેવાલ મુજબ પાકિસ્તાનનું ભવિષ્ય પણ ઘણું અનિશ્ચિત છે. આ વર્ષે માત્ર ૦.૪ ટકા આર્થિક વૃદ્ધિનો અંદાજ છે, જ્યારે આગામી નાણાકીય વર્ષમાં ૨ ટકા આર્થિક વૃદ્ધિનો અંદાજ છે. તે જ સમયે, રિપોર્ટમાં, આ નાણાકીય વર્ષ માટે મોંઘવારી દર ૨૯.૫ ટકાનો અંદાજ છે, જ્યારે આગામી નાણાકીય વર્ષમાં ૧૮.૫ ટકાનો અંદાજ છે. વિશ્વ બેંકે વર્ષ ૨૦૨૩માં ગરીબીમાં ૩૭.૨ ટકાનો વધારો થવાની આગાહી કરી છે. આ સાથે એવું પણ કહેવામાં આવ્યું છે કે પાછલા નાણાકીય વર્ષની સરખામણીમાં વધારાના ૩.૯ મિલિયન લોકો ગરીબીમાં ધકેલાઈ ગયા છે. આ રિપોર્ટ એવા સમયે સામે આવ્યો છે જ્યારે પાકિસ્તાનમાં આર્થિક સંકટના કારણે મોંઘવારીએ લોકોની કમર તોડી નાખી છે.

# • રમઝાન મુબારક •




## ઈસ્લામમાં ઈન્દ્રિય નિગ્રહ (સંસાર ત્યાગ) નથી

ઈસ્લામે જેટલું વ્યવસ્થિત અને ભારપૂર્વક નિકાહ (લગ્ન) માટે જે પ્રોત્સાહન યુવાન પુરૂષો અને સ્ત્રીઓને આપ્યું છે અને દાંપત્ય જીવન સાથે જોડાવાનો જે ઉત્સાહ વધાર્યો છે એનાથી ઈસ્લામી તાલીમ શિક્ષણની આ ખાસિયત સામે આવે છે કે ઈસ્લામ સમક્ષ જાતીય સંબંધો એ ધિક્કારપાત્ર નથી, એની અવગણના એ વાજબી નથી. પરંતુ ઈચ્છનીય અને પ્રશંસાપાત્ર છે. વાસ્તવિકતા આ છે કે ઈસ્લામે મનુષ્યની અંદર રહેલી કોઈ પણ પ્રાકૃતિક ઈચ્છા કે ખ્વાહિશને નકારી નથી અને તેને કામમાં લાવવા માટે સંપૂર્ણ પરવાનગી આપી છે. આવી જ ઈચ્છાઓમાં જાતીય સંબંધની ઈચ્છા પણ છે. અલ્લાહ તઆલાએ સ્ત્રી-પુરુષને પેદા કર્યા છે અને તેમની વચ્ચે એક જબરદસ્ત શારીરિક આકર્ષણ રાખ્યુંછે. એનો પ્રથમ હેતુ સમજી શકાય છે કે તેઓ હળી-મળીને રહે અને બ્રહ્મચાર્યનું જીવન અખ્તયાર ન કરે એ છે. ઈસ્લામમાં જાતીય ઈચ્છાને પૂર્ણ કરવાની મનાઈ નથી. બલ્કે એના માટે ઉત્સાહ અને પ્રોત્સાહન આપ્યું છે. અને નિકાહ કરવાનો હુકમ આપ્યોછે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે:

"તમારામાંથી જેઓ એકાકી જીવન પસાર કરી રહ્યાં છે અને તમારી દાસીઓ અને ગુલામોમાંથી જે નેક હોય, તેમના નિકાહ કરી દો." (સૂર : અન્નૂર - ૩૨)

**રોઝા : ૧૬ શનિવાર**

ઈસ્લામી શરીઅતે નિકાહ પર એટલો તો ભાર મૂક્યો છે કે જો તેના માટે સ્વતંત્ર પુરૂષ, સ્વતંત્ર સ્ત્રી સાથે સામર્થ્ય ન હોય તો ગુલામ પુરુષ અને દાસી સ્ત્રી સાથે નિકાહ કરી લેવુ એ એકાકી જીવન વિતાવવા કરતા વધારે સારૂં છે. ઈસ્લામે નિકાહના નિશ્ચિત નિયમો અને કાનૂનો બતાવ્યાં છે. એ નિયમોનાં પાલન સાથે જ નિકાહ સાચો ગણાશે, બીજી સ્થિતિમાં એ વ્યાભિચાર ગણાશે. ઈસ્લામમાં વ્યાભિચાર હરામ (વર્જિત) છે, પછી ભલેને ગમે તેટલી સારી ભાવના સાથે કરવામાં આવ્યો હોય. ઈસ્લામી તાલીમ-શિક્ષણથી એની અનુભૂતિ થાય છે કે પુરૂષ અને સ્ત્રી વચ્ચે પ્રેમ સંબંધ સ્થાપિત થવાનો સાચો અને સારો માર્ગ નિકાહ જ છે. બીજા રીત-રિવાજો અને અન્ય માર્ગોપાયા વિહીન અને અસ્થિર છે. એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છે:

"લગ્ન સંબંધથી જોડાયેલાં યુગલની જેમ કોઈને પ્રેમ કરનારા જોવામાં આવ્યા નથી." (ઈબ્નેમાજહ : ૧૮૪૭)

ઈસ્લામમાં નિકાહ ખુલ્લે આમ કે એલાન સાથે કરવાના આદેશ આપવામાં આવ્યા છે અને ગુપ્ત રીતે નિકાહ કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. એનું આજ કારણ છે કે નિકાહમાં સ્થિરતા અને ટકાઉપણું હોય. કારણ કે જે વસ્તુ ગુપ્ત રીતે અમલમાં આવે છે તે એ જ રીતે સમાપ્ત પણ થઈ જાય છે. જ્યારે ઈસ્લામનો હેતુ એ છે કે પતિ-પત્નીના સંબંધો સ્થિર રહે, બાકી રહે અને મજબૂત બને.

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# છેલ્લા ત્રણ દશકમાં ગટર સફાઈ વખતે ગૂંગળામણથી મોત મામલે ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે

## મેન્યુઅલ સ્કેવેન્જિંગ, સેપ્ટિક ટાંકી, ગટર સફાઈ જેવી અમાનવીય અને અપમાનજનક પ્રથા ગુજરાતમાં હજુ પણ યથાવત્

અમદાવાદ, તા.૮

મેન્યુઅલ સ્કેવેન્જિંગ, સેપ્ટિક ટાંકી, ગટર સફાઈમાં મૃતકો-શ્રમિકો-કામદારો પ્રત્યે અ સઈચ્છાશક્તિના અભાવ અને નિષ્ઠુરતા અંગે ભાજપ સરકાર ઉપર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેન્કરે જણાવ્યું હતું કે, મેન્યુઅલ સ્કેવેન્જીંગ, સેપ્ટિક ટાંકી, ગટર સફાઈ જેવી અમાનવીય અને અપમાનજનક પ્રથાનો ગુજરાતમાં હજુ પણ યથાવત છે. ગુજરાતમાં ભૂગર્ભ ગટર, ખાળકૂવા સાફ કરતા ઉતરેલા સફાઈ કર્મચારીના મૃત્યુના સતત મામલો સામે આવી રહ્યા છે. ભરૂચમાં ગટર સાફ કરવા ઉતરેલા ત્રણ કામદારોના મોત, વલસાડના ઉમરગામમાં ખાળકૂવાની સફાઈ માટે ઉતરેલા બે વ્યક્તિ, રાજકોટમાં ભૂગર્ભ ગટરમાં સફાઈ કામ કરતા ગેસ ગળતરથી બે શ્રમિકનાં મોત થયા હતા. આધુનિકતાની વાહવાહી કરતી ભાજપ સરકાર આટ-આટલા મોત થયા છતાં કેમ સફાઈ માટે સુરક્ષાના પૂરતા સાધનની વ્યવસ્થા કરતી નથી? શું ગરીબો-શ્રમિકોએ માનવી નથી? ભાજપ સરકાર મેન્યુઅલ સ્કેવેન્જિંગના મુદ્દે વૈકલ્પિક રોજગારની તકો પુરી પાડવી, નાણાકીય સહાય પુરી પાડવી અને જનજાગૃતિ લાવવામાં સદંતર નિષ્ફળ નીવડી છે છેલ્લા ત્રણ દાયકામાં થયેલા સફાઈ શ્રમિકો-કામદારોના મોતમાં ગુજરાતમાં સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે. કેન્દ્ર સરકારના સર્વે અનુસાર દેશમાં વર્ષ ૨૦૧૮માં ૧૩૪૬૦ શ્રમિકો જે ગટર અને સેપ્ટિક ટાંકીની સફાઈ કરવાની કામ સંકળાયેલા હોય તેવા શ્રમિકોની ઓળખ કરાઈ હતી જે વર્ષ ૨૦૧૯માં બમણી વધીને ૫૮૦૯૮ શ્રમિકો થયા હતા. ગુજરાતમાં ૧૦૫ શ્રમિક પરિવારો કે મેન્યુઅલ સ્કેવેન્જિંગના કામ સાથે સંકળાયેલા છે. જે હકીકત અતિ ચિંતાજનક છે. ત્રણ દાયકાથી સતત થઈ રહેલા શ્રમિકોના મૃત્યુ બાદ પણ રાષ્ટ્રીય માનવાધિકાર પંચ કેમ કોઈ પગલા ભરતું નથી ?

ગરીબી અને વૈકલ્પિક રોજગારીની તકોના અભાવને કારણે ગુજરાત રાજ્યમાં પાછલા ત્રણ દાયકામાં ગટર અને સેપ્ટિક ટાંકીની સફાઈ એટલે કે મેન્યુઅલ સ્કેવેન્જિંગના કારણે શ્રમિકોના મૃત્યુની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. અતિસંવેદનશીલ અને ચિંતાજનક રીતે ગુજરાતમાં સફાઈ કરવાના જોખમી પ્રથાને કારણે ગુજરાતના નાગરીકોએ



પોતાનો જીવ ગુમાવવો પડીરહ્યો છે ત્યારે ભાજપ સરકાર સ્થાનિક કોર્પોરેશન, નગરપાલિકામાં મેન્યુઅલ સ્કેવેન્જિંગની અમાનવીય અને અપમાનજનક પ્રથાને સદંતર બંધ કરે અને જે ઓળખ થયા છે તેવા પરિવારોને વૈકલ્પિક રોજગાર અને આર્થિક સહાય માટે યોગ્ય પગલા ભરે, જે ગટર અને સેપ્ટિક ટાંકીની સફાઈ સાથે જોડાયેલ શ્રમિકો, કામદારોને પર્યાપ્ત સુરક્ષા ગિયર (Protective Gears) અને સાધનો પુરા પાડવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે

છેલ્લા ત્રણ દાયકામાં મેન્યુઅલ સ્કેવેન્જિંગ, સેપ્ટિક ટાંકી, ગટર સફાઈમાં મૃતક શ્રમિકોની સંખ્યા જોઈએ તો ૧ તમિલનાડુ ૨૧૮ ૨. ગુજરાત ૧૩૬ ૩. ઉત્તરપ્રદેશ ૧૦૫ ૪. દિલ્હી ૯૯ ૫ મહારાષ્ટ્ર ૪૧ની નોંધાઈ છે.

# જો ભારતમાં વસ્તી વિષયક ચેડાં કરવામાં આવશે તો બંધારણ જ ખતમ થઈ જશે : મદ્રાસ હાઈકોર્ટના જજ

ચેન્નાઈ તા.૮

મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસે ડેમોગ્રાફિક પ્રોફાઈલ એટલે કે વસ્તીને લગતા પ્રોફાઈલ અંગે ગંભીર ટિપ્પણી કરી છે. હાઈકોર્ટના જસ્ટિસ જી.આર. સ્વામીનાથને કહ્યું કે, જો દેશના ડેમોગ્રાફિક પ્રોફાઈલને ચેન્જ કરવામાં આવશે તો તેના અસ્તિત્વમાં આવવાના સમયથી જે ઉપલબ્ધ છે તે ભારતનું બંધારણ ખતમ થઈ જશે. એક અહેવાલ અનુસાર તાજેતરમાં ચેન્નાઈમાં એક બૂક લોન્ચિંગ કાર્યક્રમને સંબોધતા જસ્ટિસ સ્વામીનાથને બંધારણને બધા માટે અલ્ટીમેટમ ગણાવ્યું. તેમણે બી.આર. આંબેડકરનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, જો બંધારણને હંમેશા એકસમાન રાખવું હોય તો બંધારણની રચનાના સમયના ડેમોગ્રાફિક પ્રોફાઈલને પણ જાળવી રાખવો જરૂરી છે. જસ્ટિસે આગળ કહ્યું કે, દેશમાં બંધારણ ત્યાં સુધી અસ્તિત્વમાં રહેશે જ્યાં સુધી ભારતીય પરંપરા અને ધર્મને અધીન રહેતા લોકો જળવાઈ રહેશે. જો વસ્તી પ્રોફાઈલ બદલી નાખવામાં આવશે તો બંધારણનું અસ્તિત્વ સમાપ્ત થઈ જશે. એવામાં જો બંધારણને હંમેશા માટે જાળવી રાખવું હોય તો વસતી પ્રોફાઈલ પણ એ જ રાખવો જોઈએ. હાઈકોર્ટના જસ્ટિસે કહ્યું કે, જો બંધારણની સુરક્ષા કરવી હોય અને વસ્તી પ્રોફાઈલને જાળવી રાખવો હોય



તો ભારતીય પરંપરા અને ભારતીય ધર્મને માનતા લોકોએ પોતાની પરંપરા ફોલો કરવી જોઈએ. જો કે, જસ્ટિસે અંતે કહ્યું કે, એક જજ તરીકે હું તેનાથી વધારે કંઈ નહીં બોલું. આશા છે કે, તમે સમજી ગયા હશે. કાર્યક્રમને સંબોધતા પહેલા જસ્ટિસ સ્વામીનાથને કહ્યું હતું કે, એક રીતે દર્શકો માની લે કે મારૂં આ ભાષણ વિવાદિત હોઈ શકે છે પણ મને તેનાથી કોઈ વાંધો નથી. આ ઉપરાંત તેમણે કોઈનું નામ લીધા વિના દાવો કર્યો કે, ઘણા લોકો તમિલો માટે પ્રેમની શેખી વઘારે છે પણ તે ભાષાનું મર્યાદિત જ્ઞાન રાખે છે.

# MVA વિપક્ષના નેતા તરીકે ઉદ્ધવ ઠાકરેને શા માટે આગળ કરી રહ્યું છે



મુંબઈ તા.૮

છત્રપતિ સંભાજીનગર ખાતે યોજાયેલી ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) અને કોંગ્રેસની બનેલી મહાવિકાસ અઘાડીની તાજેતરની રેલી દરમ્યાન ખાસ ખેંચ્યું હતું. જ્યારે મંચ ઉપરના તમામ નેતાઓ માટે સમાન ખુરશીઓની અપેક્ષા રાખવામાં આવતી હતી, ત્યારે ઠાકરે માટે કેવી રીતે વિશિષ્ટ ગોઠવણ કરી શકાય તે ચર્ચાનો મુદ્દો બની ગયો હતો. એનસીપીના વરિષ્ઠ નેતા અજિત પવારને પ્રશ્ન પુછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે ઠાકરેને પીઠના દુખાવાની કેટલીક સમસ્યાઓ હોવાથી વિશેષ ખુરશીની વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે આ જવાબ ખાતરી આપનારો હતો, તે સ્પષ્ટ થઈ ગયું કે ઠાકરે ચોક્કસપણે MVAના રાજ્ય નેતાઓમાં સર્વોચ્ચ પદ ભોગવી રહ્યા છે. ઠાકરેનો એવો પ્રભાવ છે કે મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિ (MPCC)ના વડા નાના પટોલેએ જ્યારે જાણ્યું કે તેઓ રેલીમાં પસંદ કરાયેલા વક્તાઓમાં નથી ત્યારે તેમણે રેલી છોડવાનો નિર્ણય કર્યો હતો.

ઉદ્ધવ ઠાકરે ભાષણ આપે તે પહેલાં દરેક રાજકીય પક્ષના માત્ર બે નેતાઓને બોલવાની મંજૂરી આપવામાં આવી હતી. જ્યારે કોંગ્રેસે બોલવા માટે બાળા સાહેબ થોરાટ અને અશોક ચવ્હાણને પસંદ કર્યા તો NCP વતી, રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અજીત પવાર અને ધનંજયમુંડેએ વિશાળ રેલીને સંબોધિત કરી હતી.

ખેડ (રત્નાગિરીમાં) અને માલેગાંવ (નાસિકમાં)માં યોજાયેલી શિવસેના (UBT)ની સફળ રેલીઓ પછી, તે સંપૂર્ણ રીતે સ્પષ્ટ થઈ ગયું છે કે ભાગલા થયા હોવા છતાં અને ૪૦ ધારાસભ્યો, ૧૨ લોકસભા સભ્યો, જિલ્લાના કેટલાક નેતાઓએ પક્ષ છોડી દીધું હોવા છતાં ઠાકરે ભારતીય જનતા પાર્ટી (BJP) અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના વિરૂદ્ધ રાજકીય મોરચાનું નેતૃત્વ કરી રહ્યા હતા. અન્ય રાજકીય સંગઠનોથી વિપરીત, શિવસેના હંમેશા ઠાકરે પરિવાર સાથે જોડાયેલી ભાવનાઓ ઉપર બનેલી છે. સેનાના દિવંગત વડા બાળ ઠાકરેએ તેમના સૈનિકોને તેમના સિદ્ધાંત તેમની રાજકીય કારકિર્દીને પક્ષને બદલે વ્યક્તિગત વફાદારીના આધારે વેગ આપ્યો છે. શિવસેના પાસે ક્યારેય કોઈ વિચારધારા ઉપર આધારિત નક્કર યોજના નથી સિવાય કે મરાઠી ભાષી લોકો માટે મહારાષ્ટ્રની હાકલ અને આ થીમ ઉપર આધારિત એજન્ડા. બાલ ઠાકરેએ ૯૦ના દાયકામાં તેમનું ધ્યાન માત્ર મરાઠી કાર્ડથી બદલીને હિંદુત્વ વિચારધારા તરફ કર્યું અને તેમને સમજાયું કે તેમનું સંગઠન મુંબઈ અને થાણેથી આગળ વધી શકે છે. કારણ કે મરાઠી કાર્ડ મુંબઈ અને થાણે બેલ્ટ પૂરતું મર્યાદિત હતું, શિવસેના માટે પરિવાર પ્રત્યેની વફાદારી એ એકમાત્ર પરિબળ છે, જે તેને કુટુંબ સંચાલિત સંસ્થા બનાવે છે. અને ઉદ્ધવ ઠાકરે ૬૩ બેઠકો જીતી શક્યા હતા અને તેઓ ૨૦૧૪માં રાજ્યની વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડ્યા હતા.

બીજું નિર્ણાયક પરિબળ એ છે કે મોટી સંખ્યામાં પક્ષના કાર્યકરો, સ્થાનિક અને નાગરિક સંસ્થાઓના સભ્યો હજુ પણ ઉદ્ધવ ઠાકરેની સાથે છે, જે સ્પષ્ટ કરે છે કે તેમનો સંગઠનાત્મક આધાર મોટાભાગે અકબંધ છે. ૨૦૧૪ રાજ્યની વિધાનસભા ચૂંટણીના પરિણામો ઉદ્ધવ ઠાકરે માટે મંજૂરીની મહોર બની ગયા હતા એન તેમની પાર્ટી રાજ્યની રાજનીતિમાં પોતાના દમ ઉપર નંબર ૨ બની ગઈ હતી. આનાથી ભાજપના નેતૃત્વએ એ હકીકત સ્વીકારી કે તેઓ શિવસેનાની અવગણના કરી શકતા નથી. રાજ ઠાકરે, તેમના કાકા બાલ ઠાકરે સાથે રીતભાતમાં ઘણી રીતે સમાન હોવા છતાં, તેમના પિતરાઈ ભાઈ ઉદ્ધવ માટે કોઈ મોટો પડકાર ઊભો કરી શક્યા નહીં. તે અનુગામી ચૂંટણીઓમાં પુરતી બેઠકો મેળવવામાં નિષ્ફળ રહ્યા અને ઉદ્ધવની સ્થિતિને વધુ મજબૂત બની હતી. રાજ્યના રાજકારણમાં મોટી ઉથલપાથલ બાદ ઉદ્ધવના પુત્ર આદિત્યના રાજ્યવ્યાપી પ્રવાસને મોટી સંખ્યામાં લોકો દ્વારા આવકારવામાં આવ્યો હતો. તાજેતરમાં યોજાયેલી પુણે (કસબાપેઠ) પેટાચૂંટણી દરમ્યાન તેમના રોડ-શોએ ઘણા યુવાનોને આકર્ષ્યા હતા અને ભાજપના ઉમેદવાર ઉપર કોંગ્રેસના ઉમેદવારની જીતમાં ફાળો આપ્યો હોવાનું કહેવાય છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાને અલગ બનાવે છે તે તેમના દાદા પ્રબોધંકર કેશવ સીતારામ ઠાકરેની વિચારધારા છે, જેઓ હિન્દુત્વની ‘રૂઢિવાદ’ના વિરોધી હતા. અંધવિશ્વાસ વિશેના તેમના પુસ્તકો, અને લોકોમાં ભગવાનનો ડર ફેલાવતા વર્ષો જૂના રિવાજો ૧૯૬૦ના દાયકામાં ચર્ચાનો મુદ્દો બની ગયા હતા. બીજી તરફ, બાળ ઠાકરે હંમેશા કહેતા હતા કે તેઓ નિષ્ક્રિય હિંદુ નથી ઈચ્છતા જે ફક્ત મંદિરોમાં જવામાં અને ઘંટ વગાડવામાં માને છે. ટૂંકમાં, ઠાકરે પોતાને હિન્દુત્વના કટ્ટરપંથી તરીકે સ્થાપિત કરવા માટે આરએસએસથી એક ડગલું આગળ જવા માંગતા હતા.

શિવ સેનાના ચૂંટાયેલા સભ્યો શિંદે સાથે ગયા છે, તેમ છતાં શિવસેનાના સામાન્ય કાર્યકરોમાં ઉદ્ધવનો આધાર મોટાભાગે અકબંધ છે, વિશ્લેષકો માને છે કે તે ભાજપ અને એકનાથ શિંદે માટે ચિંતા છે. ઠાકરેને મદદ કરતું બીજું મહત્ત્વનું પરિબળ એ છે કે મુસ્લિમ સમુદાયમાં તેમનો સમર્થન આધાર વધ્યો છે. માલેગાંવમાં તેમની તાજેતરની રેલી દરમ્યાન આ સ્પષ્ટ થયું હતું અને મુસ્લિમોની મોટી વસ્તી ધરાવતા ઉત્તર મહારાષ્ટ્રના આ ટેકસટાઈલ ટાઉનમાં મોટી સંખ્યામાં લોકો તેમને સાંભળવા આવ્યા હતા. શરદ પવારની આગેવાની હેઠળની NCP અને કોંગ્રેસને લાગે છે કે ઉદ્ધવ ભાજપના આક્રમણનો સામનો કરવા માટે વિપક્ષનું નેતૃત્વ કરી શકે છે. રાજકીય વલણને ધ્યાનમાં રાખીને આ ગણતરીપૂર્વકની ચાલ લાગે છે. બંને પક્ષોએ ગૌણ ભૂમિકા અપનાવવાનું નક્કી કર્યું છે. અગાઉ પણ, શરદ પવાર વિપક્ષમાં હતા, તો હંમેશા હુમલાનું નેતૃત્વ કરવા માટે શિવસેના અથવા બીજેપીના લોકોને પસંદ કરતા હતા. ૧૯૯૬માં વિપક્ષના નેતા તરીકે છગન ભુજબલે તત્કાલીન સેના-ભાજપ સરકાર સામે હુમલો કર્યો હતો. એ જ રીતે, ધનજયમુંડે, જેઓ ૨૦૧૧માં ભાજપમાંથી NCPમાં જોડાયા હતા, તેમને ૨૦૧૪માં વિધાન પરિષદમાં વિરોધપક્ષના નેતા બનાવવામાં આવ્યા હતા.

# રાજ્યમાં જંત્રીના નવા દરો અમલમાં આવે તે પહેલા દસ્તાવેજો કરાવવા ભારે ધસારો

## તા.૧૫ એપ્રિલથી જંત્રીના ભાવો વધવાના હોઈ લાખો-કરોડો બચાવવા પડાપડી

ગાંધીનગર, તા.૮

આગામી ૧૫ એપ્રિલથી નવી જંત્રી અમલમાં આવી રહી હોઈ જૂની જંત્રી મુજબ જમીન-મકાન તથા ફલેટ વગેરેના દસ્તાવેજો કરાવી લેવા ભારે ધસારો જોવા મળી રહ્યો છે. છેલ્લા બે મહિનાથી રાજ્યભરની નોંધણી માટે સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં તમામ સ્લોટ હાઉસ ફુલ જઈ રહ્યા છે આજે પણ તમામ કચેરીએ દસ્તાવેજ કરાવવા લેનાર-વેચનાર બંને પાર્ટીઓ પક્ષકારો-વકીલોની ભીડ જોવા મળી રહી હતી. અધિકારી સૂત્રોના કહેવા મુજબ ૧ જાન્યુ.થી ૩૧ માર્ચ એટલે કે બે મહિનામાં સરકારને સ્ટેમ્પ ડયુટી અને સ્ટેમ્પ ફીના મળીને અબજો રૂપિયાની આવક થઈ છે. સરકારને સ્ટેમ્પ ફીના તથા સ્ટેમ્પ ડયુટીના મળીને અબજો રૂપિયાની વધુઆવક થવા પામી છે. બે માસ દરમ્યાન રાજ્યમાં મોટી સંખ્યામાં દસ્તાવેજ થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે અગાઉ અચાનક જ જંત્રીના નવા ભાવો જાહેર કરી તેમાં બમણા વધારા સાથે તરત જ અમલ કરવાના આદેશો જારી કરતાં રાજ્યભરમાં તેનો ભારે વિરોધ થયો હતો. ભાજપની જ બિલ્ડર-ડેવલપમેન્ટ લોબી દ્વારા સરકાર સમક્ષ ભારે નારાજગી દર્શાવી નિર્ણયમાં પીછેહઠ કરવા રજૂઆત કરાઈ હતી. જેને પગલે આખરે ગુજરાત સરકારે નવી જંત્રીના ભાવ વધારાના અમલ માટે સમયમર્યાદા પાછળ ધકેલી હતી અને તા.૧૫ એપ્રિલથી જંત્રીના નવા ભાવો અમલમાં લાવવાની જાહેરાત કરી હતી. જેને પગલે આ તારીખ નજીક આવી રહી હોઈ રાજ્યની નોંધણી કચેરીઓમાં દસ્તાવેજની નોંધણી માટે રીતસર પડાપડી થઈ રહી છે. ભારે ધસારાને કારણે નોંધણી કચેરીઓમાં વર્કલોડ પણ ખૂબ વધી જવા પામેલ છે. નવા દરોનો વધારો લાખોમાં થવા જઈ રહ્યો હોઈ તેમાંથી બચવા બિલ્ડર-ડેવલપર્સ વગેરે દસ્તાવેજો નોંધાવવા ઉમટી પડ્યા છે. જેને લઈને સરકારી તિજોરીનો પણ ભારે ફાયદો થઈ રહ્યો છે.

# TET-1ની પરીક્ષા માટેની હોલ ટિકિટ અપલોડ કરવામાં આવી

અમદાવાદ, તા.૮

શિક્ષક બનવા માટે ૧૬ એપ્રિલના રોજ લેવામાં આવનારી TET-1ની હોલ ટિકિટ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા અપલોડ કરી દેવામાં આવી છે. જેથી ઉમેદવારો પરીક્ષા દિવસ સુધીમાં વેબસાઈટ ઉપરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી પરીક્ષા આપી શકશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક સ્કૂલોમાં ધોરણ-૧થી ૫માં શિક્ષક બનવા માટે TET-1ની પરીક્ષા લેવામાં આવનાર છે, જેમાં રાજ્યના ૮૭ હજાર જેટલા ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ધોરણ-૧થી ૫ના શિક્ષક બનવા માટે TET-1ની પરીક્ષા માટે ઓક્ટોબર, ૨૦૨૨માં જાહેરનામુ બહાર પાડ્યું હતું. ત્યારબાદ પરીક્ષા માટે ૫ ડિસેમ્બર સુધી ફોર્મ ભરવાની મુદ્દત આપવામાં આવી હતી. જો કે, ત્યારબાદ મુદ્દતમાં વધારો કરાયો હતો. આ પરીક્ષા માટેના જાહેરનામા અનુસાર ફેબ્રુઆરી અથવા માર્ચમાં પરીક્ષાનું આયોજન કરાશે તેવી જાહેરાત કરાઈ હતી. દરમ્યાન તાજેતરમાં TET-1ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી હતી. જે મુજબ ૧૬ એપ્રિલના રોજ TET-1ની પરીક્ષા રાજ્યમાં યોજાનાર છે. સમગ્ર રાજ્યમાંથી TET-1ની પરીક્ષા માટે ૮૭ હજાર જેટલા ઉમેદવારો નોંધાયા છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા TET-1ની હોલ ટિકીટ વેબસાઈટ ઉપર અપલોડ કરી દેવામાં આવી છે. જેથી ઉમેદવારો ગુરૂવારથી લઈને પરીક્ષાના દિવસે બપોરના ૩ વાગ્યા સુધી વેબસાઈટ ઉપરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે.

# OPEC+ દ્વારા પુરવઠામાં ઘટાડો કરવાથી ઓઈલના ભાવમાં વધારો થશે જે વિશ્વ માટે આર્થિક રીતે બહુ નુકસાનકારક છે

(એજન્સી) તા.૮

ઓપેક+ પોતે તેલ બજારની સ્થિરતાને લક્ષ્યમાં રાખીને તેના આશ્ચર્યજનક પુરવઠામાં કાપનો બચાવ કરે છે. તેઓએ ૮ ટકાની કિંમતમાં વધારો કર્યો છે. છ મહિનાના ગાળામાં OPEC+ તરફથી આ બીજો આંચકો છે. છેલ્લું ઓકટોબરમાં આવું કરવામાં આવ્યું હતું જ્યારે તેલ પહેલેથી જ $90 પ્રતિ બેરલથી ઉપર હતું અને યુએસ મધ્યવર્તી ચૂંટણીઓ વચ્ચે તેલની માંગ નરમ પડી રહી હતી અને પુરવઠામાં ઘટાડો સતત તેજીને બદલે ભાવમાં સતત ઘટાડા તરફ દોરી ગયો હતો. એક તરફ સિલિકોન વેલી બેંકની નિષ્ફળતાને પગલે ક્રૂડ ઓઈલના વાયદા બજારમાં સટ્ટાકીય હરીફાઈ ભાંગી હતી ખરેખર, રાષ્ટ્રપતિ જો બાઈડેનના વહીવટીતંત્રે આ ગભરાટનો ઉપયોગ વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વને ફરીથી ભરવાની તેની યોજનાઓને સારી બનાવવા માટે કરવો જોઈએ. એક રીતે OPEC+એ તેના બદલે અને ઘણી હદ સુધી કામ કર્યું છે, મની મેનેજરોને તેમની આ સ્થિતિને આવરી લેવા દબાણ કર્યું છે. છતાં આજે અને ગયા ઓકટોબર વચ્ચેનો મોટો તફાવત એ છે કે, આ બેંકિંગ કટોકટી હતી. રોગચાળા પછીના ફુગાવાના વધારાને ઓછો કરવા માટે ઉચ્ચ દરો માટે બેંકોને વધુ કટોકટી ઊભી થવાના ડરથી સંભવિત રીતે દૂર કરવાનું કારણ આપવામાં આવ્યું હતું. તેલના ભાવમાં નવો વધારો એ યુએસમાં ફુગાવાની અપેક્ષાઓના સૌથી દશ્યમાન સેટર્સ પૈકી એક છે, તે સંતુલન કાર્યને જટિલ બનાવે છે. ગેસોલિનની સરેરાશ કિંમતો એક વર્ષ પહેલા હતી ત્યાંથી ૧૬ ટકા ઓછી છે. પરંતુ તે આ વર્ષે અત્યાર સુધીમાં ૯ ટકા વધ્યા છે અને શક્ય છે કે, ફરી એકવાર OPEC+ ઓછી માંગ જોઈ રહ્યું છે. જો એમ હોય તો વધુ ભાવના દબાણથી નજીકના ગાળામાં આવકમાં વધારો થઈ શકે છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના આંકડાઓ અનુસાર કોર OPECની અસરકારક ફાજલ ક્ષમતા ગત સપ્ટેમ્બરમાં ૨.૪ મિલિયન બેરલ પ્રતિ દિવસથી વધીને ફેબ્રુઆરીમાં ૩.૩ મિલિયન થઈ ગઈ હતી.

જો તેલ બજારો ૨૦૨૩ના બીજા ભાગમાં હાલમાં નિર્ધારિત તેજીની અપેક્ષાઓ કરતાં નબળી રહે છે, તો તે મંદીની વૃત્તિઓને મજબૂત બનાવશે અને જો તેના બદલે કિંમતો વધે છે, તો ફુગાવો, નાણાંકીય અસ્થિરતા અને મંદીનો સામનો કરી રહેલી કેન્દ્રીય બેંકોની મૂંઝવણ વધી શકે છે. ટૂંકમાં OPEC+ સંભવિતપણે અહીં આગ સાથે રમી રહ્યું છે. ગયા વર્ષના સમયને જોતાં હકીકત એ છે કે, તેલ તાજેતરમાં $80 પ્રતિ બેરલ થઈ ગયું હતું, તે સ્પષ્ટ છે કે, OPEC+ તે સ્તરથી ઉપરની કિંમતની માંગ કરે છે. વધુમાં આ ઊંચી કિંમતો યુક્રેનમાં ઘાતકી યુદ્ધ અને પશ્ચિમ સાથેના ઊર્જા યુદ્ધમાં રોકાયેલા સઉદી અરેબિયાના OPEC+ ભાગીદાર રશિયાને મદદ કરે છે. તે ચાલુ સંઘર્ષ અને સંતુલિત આર્થિક દૃષ્ટિકોણ ઉપરના દબાણને વધારે છે. OPEC+ માટે પુરવઠામાં ઘટાડો કરવો એ હવે સ્થિરતામાં વધારો કરી શકે છે.

# ગૃહ મંત્રાલયે NGO ઓક્સફેમ ઈન્ડિયા વિરૂદ્ધ CBI તપાસનો આપ્યો આદેશ

નવી દિલ્હી, તા.૮

ગૃહ મંત્રાલયે એનજીઓ OXFAM સંસ્થા વિરૂદ્ધ CBI તપાસની ભલામણ કરી છે. વિદેશમાંથી ડોનેશન લેવાના મામલામાં નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું સામે આવ્યા બાદ તેની તપાસ ચાલી રહી હતી. વિદેશી યોગદાન (રેગ્યુલેશન) સંશોધન એક્ટ-૨૦૨૦ (FCRA) લાગુ થવા છતાં ઓક્સફેમ ઈન્ડિયાએ વિદેશીમાંથી મેળવેલું ડોનેશન વિવિધ સંસ્થાઓમાં ટ્રાન્સફર કરવાનું યથાવત્ રાખ્યું હતું, જે આવા પ્રકારના ટ્રાન્સફરને પ્રતિબંધિત કરે છે. ગૃહમંત્રી અમિત શાહના નિર્દેશો ઉપર ગેરકાયદેસર રીતે વિદેશી યોગદાન (રેગ્યુલેશન) સંશોધન એક્ટ ૨૦૨૦ કાયદાનું ઉલ્લંઘન કરનારી જે એનજીઓ નાણાં ઉપયોગ કે ટ્રાન્સફર કરી રહી છે, તેવી એનજીઓ વિરૂદ્ધ ગૃહમંત્રાલય દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અગાઉ પણ વિદેશમાંથી ગેરકાયદેસર રીતે ડોનેશન લેવાના કેસમાં ગૃહ મંત્રાલયના પૂર્વ અધિકારી હર્ષ મંદર વિરૂદ્ધ સીબીઆઈ તપાસની ભલામણ કરવામાં આવી હતી. ગત વર્ષે ૨૩મી ઓક્ટોબર- ૨૦૨૨ના રોજ સરકારે કોંગ્રેસની આગેવાની હેઠળની બે બિન-સરકારી સંસ્થાઓના FCRA લાયસન્સ રદ કર્યા છે. પક્ષના બે NGO જેમના ‘ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ’ લાયસન્સ રદ કરવામાં આવ્યા છે, તેમાં રાજીવ ગાંધી ફાઉન્ડેશન અને રાજીવ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટનો સમાવેશ હતો. આ NGO ઉપર કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ ગૃહ મંત્રાલય દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

# સોમનાથની ધરતી ઉપર કેરી-ગુંદા તો આવતા આવે પણ અથાણાની સીઝનનો છડીદાર 'ગરમળ'નું આગમન

**સ્વાદ ભલે તુરો પણ ગરીબ-મધ્યમ વર્ગના ભાણાનો સંતોષ ઓડકાર અને આરોગ્યનો સરવાળો એટલે ગરમર**





(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૮

સોમનાથની ધરતી ઉપર શાકવાવેતર વાડીઓમાં ઉગતી અને અથાણાની સીઝનમાં જ દેખાતી 'ગરમળ' ગરીબો, મધ્યમ વર્ગના ભાણાનું સંતોષ-ઓડકાર આપતું અથાણું છે.

ગરમળનો આકાર ઓકટોપસ જેવો હોય છે. એટલે કે, તેના અનેક ડાળખા મુંળ અનેક મુળોથી જમીનમાં ફેલાયેલ હોય છે. તેનો રંગ લાલ માટી જેવો તો કેટલેક સ્થળે સફેદ માટી જેવા કલરની ગરમળ પણ ઉગાડાય છે. હાલ ગરમળના કિલ્લોના રૂા.૮૦ જેટલો ભાવ છે. અહીંની ગરમળના ડાળા છેક સુરત સુધી પણ પહોંચે છે. ગરમળના ડાળખા, પાંદડા કાપી તેના નાના કટકા કરી તેને લીંબુના ખાટા અને નિમકન ખારા પાણી સાથે રાખી તેનું તુરૂ ચટાકેદાર અથાણું બનાવાય છે. લોકો રોટલા-શાક, ડુંગળી સાથે વધારાના અથાણા તરીકે ખાય છે. ખારા-ખાટા પાણીમાં પલળતી રહેલી ગરમર દસ દિવસ પછી ઉપયોગમાં લેવાય છે અને પછી તેને બરણીમાં ભરી વરસભર અથાણા તરીકે ઉપયોગ થતો રહે છે. કહેવાય છે કે, ગરમળ એ માત્ર વનસ્પતિ જ નથી ઔષધ, વિટામીન, સ્વાસ્થ્ય ઉપયોગી છે જે સ્વાદની સાથે આરોગ્ય માટે પણ ઉપયોગી છે. ગરમળ એ જમીનામાં ઉગતું કંદમુળ છે જે આ દરીયાકાંઠા વિસ્તારમાં જ થાય છે. કારતક મહિને કરેલ વાવેતર ચૈત્ર મહિનામાં બજાર સુધી પહોંચે છે. ગરમળનો હિન્દીમાં અમાલદાસ, સંસ્કૃતમાં ગરમળ અનો અંગ્રેજીમાં ઈન્ડીયન લામ્બુ અને વૈજ્ઞાનિક કલાઉસ કહેવાય છે.

# ફેડરેશન ઓફ આયુષ ડોકટર્સ રાજકોટના ૨૦૨૩-૨૪ના નવા હદેદારોની વરણી



ડો.એમ.વી. વેકરીયા (પ્રમુખશ્રી) | ડો.અરવિંદ ભટ્ટ (ચેર પરસન) | ડો.નરેન્દ્ર વિસાણી (સેક્રેટરી)

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૮

ફેડરેશનના ૧૨માં વર્ષના નવનિયુકત પ્રમુખ ડો.એમ.ડી.વેકરીયા તેમની યાદીમાં જણાવે છે કે, આયુષ ડોકટર્સનું આ ફેડરેશન વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલું છે જેમ કે, સમાજમાટે મફત આરોગ્યલક્ષી મેડીકલ કેમ્પ કરવા, કુપોષિત બાળકોને પોષિત કરવા, ડાયાબીટીસ તથ બ્લડ પ્રેશરનું સચોટ નિદાન તથા તેની સારવાર અને યોગ્ય સલાહ, તેમજ આયુષ ડોકટર્સને વિવિધ પ્રકારના રોગો માટેની નવી તેમજ આધુનિક પધ્ધતિઓ દ્વારા નિદાન તેમજ તેમની સારવાર માટે ફેડરેશન દ્વારા સ્પેશીયાલીસ્ટ તેમજ સુપર સ્પેશીયાલીસ્ટ તબીબો દ્વારા યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી વિવિધ સીએમઈ પ્રોગ્રામ કરવામાં આવે છે તેમજ ફેડરેશનના તમામ તબીબો સરકારના વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમોમાં સંપૂર્ણ સાથ તેમજ સહકાર અને સમય આપી રહ્યા છે.

ફેડરેશન ઓફ આયુષ ડોકટર્સ રાજકોટના અલગ અલગ વિસ્તારના ૯ એસોસિયેશન્સથી બનેલું છે જે ૯૫૦ જેટલા ડોકટર મેમ્બર્સની સ્ટ્રેન્થ ધરાવે છે અને આ ફેડરેશનની વિશેષતા એ છે કે, છેલ્લા ૧૨ વર્ષથી અવિરત કાર્યરત છે તેમજ આ ફેડરેશનમાં હોદેદારોની વરણી માટે ઈલેકશન કદી થતું જ નથી, માત્ર સીલેકશન જ થાય છે.

સાથો સાથ તબીબો માટે તંદુરસ્ત રહેવા માટે અન્ય પ્રવૃતિઓ જેવી કે, ક્રિકેટ મેચ, ઈન્ડોર ગેમ, વોકાથોન, સાયકલોથોન અને મેરાથોનનું આયોજન દરવર્ષે કરવામાં આવે છે.

આ ફેડરેશનનો મુખ્ય હેતુ ' સર્વે ભવન્તુ સુખિન : સર્વે સન્તુ નિરામયા:' જે આપણા વેદ-પૂરાણોમા પણ દર્શાવેલ છે તેમજ મોર્ડન સાયન્સ પ્રમાણે ' પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર'ને સાર્થ કરવા સતત પ્રયત્નશીલ છે તેના દ્વારા સમાજને નિરોગી અને સશકત બનાવવાનો હેતું છે.

આ સાથે ફેડરેશનના અન્ય હોદેદારોની પણ વરણી કરવામાં આવેલ છે જેમાં ઉપપ્રમુખ તરીકે ડો.ભરત વેકરીયા, ડો.કિશોર દેવડીયા, જોઈન્ટ સેક્રેટરી તરીકે ડો.મહેશ શિંગાળા, ડો.હિમાંશુ પરમાર, આજીવન ખજાનચી તરીકે ડો.સમીર ખુંટ, કારોબારી કમીટીમાં સ્વ.ડો.મનોજ ઠેસીયા, ડો.દેવેશ જોષી, ડો.જયેશ રાજયગુરૂ, ડો.વિશાલ ભીમજીયાણી, ડો.શૈલેષ વસાણી, ડો.દિલીપ મારકણા, ડો.દેવધર રામોલીયાની વરણી કરવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયામાં હનુમાન જયંતી ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

મહાવીર ભગવાન બજરંગ બલીની ગઈકાલે જન્મ જયંતી નિમિત્તે ખંભાળિયાના વિવિધ મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમનું આયોજન થયા હતા. અહીંના પુરાણ પ્રસિદ્ધ એવા ફૂલેલીયા હનુમાનમંદિર ખાતે ગઈકાલે આખો દિવસ ભજન ધૂન સાથેના સુંદર દર્શન ઉપરાંત સાંજે બટુક ભોજનના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ ઉપરાંત રંગીલા હનુમાન મંદિરે હનુમાનચાલીસાના પાઠ, પોરબંદર રોડ ઉપર આવેલા બાલનાથ મહાદેવ મંદિર ખાતે સાંજે ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ તેમજ અન્ય મંદિરોમાં પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉમટી પડી હતી.

## ખંભાળિયામાં હનુમાન જયંતી નિમિત્તે ધર્મ સંસ્થાઓ દ્વારા મહા આરતી કરવામાં આવી



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૮

ખંભાળિયાની જાણીતી હિંદુ સંસ્થા વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના સંયુકત ઉપક્રમે ગઈકાલે હનુમાન જયંતી નિમિત્તે અહીંના જોધપુર ગેઈટ વિસ્તારમાં આવેલા રોકડિયા હનુમાન મંદિરે ગતસાંજે હનુમાન ચાલીસાના પાઠ તથા મહા આરતીના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હનુમાન ભકતો જોડાયા હતા.

## ઉના ખાતે શ્રીનાથજી ધ્વજાજી આરોહણ કાર્યક્રમ યોજાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૮

ઉના શહેરમાં કિર્તીકુમાર વલ્લભદાસ છગ પરિવાર દ્વારા આયોજિત શ્રીનાથજી ધ્વજાજી આરોહણ પ્રસંગે નીકળેલી શોભાયાત્રામાં ઉનાના ધર્મપ્રિય અને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ પણ જોડાયા હતા દિવ્ય પ્રસંગે આનંદ ઉલ્લાસ વ્યક્ત કર્યો હતો.ભવ્ય શોભા યાત્રા કિર્તીભાઈ છગના નિવાસ સ્થાનેથી નીકળી અને માધવબાગ વાડી ખાતે થઈ રૂદ્રાક્ષ પાર્ટી પ્લોટ થઈ અને રૂદ્રાક્ષ સિનેમા થઈ અને નગરપાલિકાની નવી લાયબેરી ખાતે પૂર્ણ થયેલ હતી. જયાં શ્રીનાથજીની ધજાજી નું મંગલ પધરામણી કરવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ઉના શહેર તાલુકાના હજારો વૈષ્ણવો જોડાયા હતા આ દિવ્ય અને ભવ્ય શોભાયાત્રાને નિહાળવા માટે શહેરીજનો ઉમટી પડ્યા હતા અને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની ધર્મભાવનાથી લોકો અભિભૂત થયા હતા.

# ખંભાળિયામાં નવ નિર્માણ પામતા મુખ્ય રસ્તાઓનું નિરીક્ષણ કરતા કાર્યકરો

## આમ આદમી પાર્ટી દ્વારા નવા બનતા રસ્તાની ગુણવત્તા સામે સવાલો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

ખંભાળિયા શહેરમાં અગાઉ રસ્તાઓમાં થતા વ્યાપક ભ્રષ્ટાચાર તેમજ હલકી ગુણવત્તા માટે નગરપાલિકા વગોવાઈ ચૂકી છે. ત્યારે શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા કરોડો રૂપિયાના રસ્તાના કામો હાથ ધરાયા છે. અહીંના મહત્વના એવા ચાર રસ્તાથી જડેશ્વર રોડના માર્ગના નિર્માણનું કામ ચાલી રહ્યું છે, ત્યારે આમ આદમી પાર્ટીઓ દ્વારા અહીં સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે મહત્વના એવા જડેશ્વર મહાદેવના મંદિરથી ચાર રસ્તે આવેલા સહીદ ભગતસિંહ ચોક સુધી નગરપાલિકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે સીસી રોડની કામગીરી કરવામાં આવી રહી છે. જે સંદર્ભે આમ આદમી પાર્ટીને મળેલી ફરિયાદોના અનુસંધાને પાર્ટીના હોદ્દેદારો તથા કાર્યકરો આ સ્થળે દોડી ગયા હતા અને કોન્ટ્રાકટર પાસેથી રોડ બાબતની માહિતીની માંગણી કરી હતી. આટલું જ નહીં, આ સ્થળે કરવામાં આવેલા કામની ચકાસણી પણ કરવામાં આવતા મજૂરો માટે સેફટીનો અભાવ તેમજ મેડિકલ ટુલ્સ ના હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું. આ ઉપરાંત વાહનોની સલામતી માટે સેફટી બેરીકેટનો સંપૂર્ણ અભાવ હોવા ઉપરાંત નગરપાલિકાના જવાબદાર વ્યક્તિની પણ આ સ્થળે ગેરહાજરી હોવાનું તેમના ધ્યાને આવ્યુંહતું. કોન્ટ્રાક્ટરો દ્વારા નબળી ગુણવત્તાનું મટીરીયલ ઉપયોગમાં લેવામાં આવતું હોવાનું પણ તેમના દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો.

# દેશની ભાવિ પેઢી સમાન ભૂલકાઓનો સર્વાંગી વિકાસ થાય એ માટે સરકારી શાળાના વિદ્યાર્થીઓને ટેકનોસેવી બનાવવા રાજય સરકાર કટિબધ્ધ

## રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૨ -૨૩માં સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ ૫૬ ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી લેબ અને ૮૧ કોમ્પ્યુટર લીટરસી સેન્ટર કાર્યરત : રાજકોટ જિલ્લાની ૫૬૬ શાળાઓના કુલ ૧૭૧૩ વર્ગખંડોમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું અમલીકરણ સર્વર ડેસ્ક ટોપ મોનિટર, હેડફોન, ટીવી, વેબ કેમેરા, ઈન્ટરએક્ટિવ પેનલ (ટીવી), લેપટોપ, વાઈ-ફાઈ સહિતની સુવિધા



દેશની ભાવિ પેઢી સમાન ભૂલકાઓનો સર્વાંગી વિકાસ થાય એ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી શિક્ષણ નીતિ અમલમાં મૂકી છે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષણ ક્ષેત્રે અનેક આધુનિક સુવિધાઓ સરકારી શાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. જેથી આવતીકાલની પેઢી ટેકનોસેવી બની શકે.ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજીને સામાજિક પરિવર્તન અને રાષ્ટ્રીય પ્રગતિ માટેના ઉત્પ્રેરક તરીકે વૈશ્વિકરૂપે સ્વીકારાયું છે. કોમ્પ્યુટર એઈડેડ લર્નિંગ મારફત વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરને સુધારવા અને કોમ્પ્યુટર ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધવા માટે રાજ્યમાં કાર્યરત સરકારી પ્રાથમિક શાળાઓમાં "ICT લર્નિંગ લેબ" અને કોમ્પ્યુટર લીટરસી સેન્ટર અંતર્ગત કોમ્પ્યુટર લેબનો વિકાસ થઈ રહ્યો છે. પ્રાથમિક કક્ષાએ શાળાકીય શિક્ષણમાં ICT લર્નિંગ લેબ તેમજ કોમ્પ્યુટર લીટરસી સેન્ટરનો હેતુ બાળકોને શૈક્ષણિક પ્રક્રિયાઓમાં સર્જનાત્મક રીતે ભાગ લેવા માટે તૈયાર કરવાનો છે. રાષ્ટ્રનો સર્વાંગી સામાજિક-આર્થિક વિકાસ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા તરફ દોરી જતા સમાજની સ્થાપના,નિભાવ અને વિકાસની દ્રષ્ટિકોણ સાથે "ICT લર્નિંગ લેબ" અને કોમ્પ્યુટર લીટરસી સેન્ટર-કોમ્પ્યુટર લેબ એ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર સહાયિત શિક્ષણ અને કોમ્પ્યુટર સાક્ષરતાનો ધ્યેય હોવાનું ડિસ્ટ્રિકટ પ્રોજેકટ કો ઓર્ડિનેટર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમગ્ર શિક્ષા અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કહ્યું હતું. રાજકોટ જિલ્લામાં ધો.૧ થી ૮ની સરકારી શાળાઓમાં વર્ષ ૨૦૨૨ -૨૩માં કુલ ૫૬ ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી લેબ અને ૮૧ કોમ્પ્યુટર લીટરસી સેન્ટર કાર્યરત થયા છે તેમજ રાજકોટ જિલ્લાની ૫૬૬ સરકારી શાળાઓમાં કુલ ૧૭૧૩ વર્ગખંડોમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું અમલીકરણ થઈ રહયા હોવાની માહિતી રાજકોટ ઈન્ચાર્જ ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ કો ઓર્ડીનેટર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમગ્ર શિક્ષા તથા જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બી. એસ. કૈલાએ આપી હતી. તેઓએ વધુમાં કહયુ હતું કે, કોમ્પ્યુટર લીટરસીમાં સર્વર ડેસ્ક ટોપ મોનિટર, હેડફોન, વાઈ-ફાઈ, ICT લેબમાં ડેસ્કટોપ કોમ્પ્યુટર, વેબ કેમેરા, હેડફોન, જ્ઞાનકુંજ પ્રોજેકટમાં પ્રતિ વર્ગ ખંડ ઈન્ટરએક્ટિવ પેનલ, લેપટોપ સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વર્ષ ૨૦૨૨ -૨૩માં રાજકોટ જિલ્લામાં કુલ ૫૬ ICT લેબ અને ૮૧ કોમ્પ્યુટર લીટરસી સેન્ટર ફાળવવામાં આવ્યા છે. જેનો સૌથી મોટો ફાયદો એ છે કે તે શિક્ષકો અને વિદ્યાર્થીઓને વિશ્વભરની વિવિધ પ્રકારની માહિતીને એકસેસ કરવાની ક્ષમતા પ્રદાન કરે છે. શિક્ષકોની આંગળીના વેઢે ઘણાં સંસાધનો છે, જે તેમની શિક્ષણ-શીખવાની પ્રક્રિયામાં મોટા પ્રમાણમાં સુધારો કરી શકે છે. શિક્ષકો અને શીખનારાઓએ હવે તેમની શૈક્ષણિક જરૂરિયાતો માટે પુસ્તકાલયોમાં રાખવામાં આવેલા શારીરિક માધ્યમોમાં છપાયેલ પુસ્તકો અને અન્ય સામગ્રી ઉપર આધાર રાખવો પડશે નહીં. ઈન્ટરનેટ અને વર્લ્ડ વાઈડ વેબની મદદથી, લગભગ દરેક વિષયમાં અને વિવિધ પ્રકારનાં માધ્યમોમાં શીખવાની સામગ્રી હવે દિવસના કોઈપણ સમયે અને અમર્યાદિત સંખ્યામાં મેળવી શકાય છે. શિક્ષકોની જટિલ સૂચનાઓનો સરળતાથી અર્થઘટન કરી શકાય છે અને ઈન્ટરએક્ટિવ વર્ગો શીખવવા અને પાઠોને વધુ આનંદપ્રદ બનાવવા માટે સક્ષમ છે આમ વિદ્યાર્થીઓની હાજરી અને એકાગ્રતામાં સુધારો થાય છે. રાજકોટ જિલ્લામાં આ તમામ કામગીરી સમગ્ર શિક્ષા ગાંધીનગર શિક્ષણ વિભાગની સૂચના અને માર્ગદર્શન મુજબ કરવામાં આવશે. સમગ્ર શિક્ષા ગાંધીનગર પ્રોજેક્ટ હેઠળ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલી છે. ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ કો ઓર્ડીનેટર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમગ્ર શિક્ષા & જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. કૈલા અને આ પ્રોજેકટના એમઆઈએસ ઓફિસર (સમગ્ર શિક્ષા) બીના ભરાડ કહે છે કે આજના ડિજિટલ યુગમાં શિક્ષણ ક્ષેત્રે સમયોચિત નવી નવી શિક્ષણ પદ્ધતિઓ ટેકનીકસ તેમજ અન્ય નૂતન અભિગમો અમલી બનાવીએ તે સમયની માંગ છે. આજના યુગનો વિદ્યાર્થી વધુ ચપળ અને ટેકનોલોજીથી વાકેફ હોય છે ત્યારે શિક્ષક પણ ટેકનોલોજીથી વાકેફ જ નહી પરંતુ તેનાથી જાણકાર હોવો જરૂરી છે. આ માટે જ્ઞાનકુંજ અંતર્ગત ટેકનોલોજીના વિવિધ સાધનો જેવા કે લેપટોપ, ઈન્ટરેકટિવ પેનલ અને સંલગ્ન સોફ્ટવેર વગેરેની મદદથી શીખવા-શીખવવાની પ્રક્રિયા અને વર્ગખંડ ઈન્ટરેકટીવીટીમાં અભીવૃતી કરતો પ્રોજેક્ટ છે. જે સમગ્ર રાજયમાં ઈન્ટરેકીટવ વર્ગખંડ શિક્ષણકાર્ય પદ્ધતિ 'જ્ઞાનકુંજ' વર્ષ ૨૦૧૭-૧૮ થી અમલી છે. ફેઝ-૩ અંતર્ગત રાજકોટ જીલ્લાની કુલ. ૫૬૬ શાળાઓના કુલ ૧૭૧૩ વર્ગખંડોમાં અમલીકરણ થવા જઈ રહ્યું છે. જેનાથી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષણનું સ્તર ઘણું ઉંચુ આવશે.

**આલેખન- પારૂલ આડેસરા**

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીની આવક શરૂ

## વિદેશોમાં પણ કેરી ના એક્સપોર્ટ માટે સોરઠના ૪૦૦ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું




જૂનાગઢ તા.૮

સોરઠ પંથકની કેસર કેરી દુનિયાભરમાં પ્રખ્યાત છે. કેસર કેરી-નો સ્વાદ માણવા માટે વિદેશોમાં પણ ભારે માંગ છે અને દર વર્ષે વિદેશોમાં પણ કેરીને સપ્લાય કરવામાં આવે છે. કેસર કેરીની સિઝન શરૂ થઈ ગઈ છે અને વિવિધ માર્કેટીંગ યાર્ડોમાં કેરીના બોક્સની આવક થઈ છે. વિદેશોમાં પણ કેરી મોકલવા માટે સોરઠ પંથકના ૪૦૦ ખેડૂતોએ રજીસ્ટ્રેશન નોંધાવ્યું હોવાનું જાણવા મળે છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના માર્કેટીંગ યાર્ડોમાં કેરીની આવક શરૂ થઈ ગઈ હોવાના સમાચાર મળી રહ્યા છે અને આ વર્ષે ૧૫ દિવસ વહેલી સિઝન શરૂ થઈ છે અને જૂનાગઢ, રાજકોટ સહિતના માર્કેટીંગ યાર્ડમાં કેરીના બોકસ આવવા શરૂ થયા છે. દર વર્ષે કેસર કેરીની રાહ જોવામાં આવતી હોય છે અને સિઝન શરૂ થતા જ સામાન્ય લોકોથી લઈ તમામ લોકો કેસર કેરીનો સ્વાદ હોંશેહોંશે માણતા હોય છે. ફળોની રાણી કેસર કેરીનો સ્વાદ મીઠો મધુરો અને દરેકને અત્યંત પ્રિય છે. ઉનાળાના સમયમાં અને ચોમાસા પહેલા મોટાભાગે કેરીની આવક શરૂ થઈ જતી હોય છે અને કેરી છુટથી મળી જતી હોય છે. તાજેતરમાં વિવિધ માર્કેટીંગ યાર્ડોમાં કેરીના બોકસ આવવા મંડયા છે. દર વર્ષે સામાન્ય રીતે એપ્રિલ મહિનાના અંતમાં કેસર કેરીની આવક જોવા મળતી હોય છે. માર્ચ મહિનાનો આકરો તાપ કેરીના ફળ માટે ઘણો મહત્વનો હોય છે. ત્યારે આ વર્ષો વાતાવરણમાં આવેલા પલટાને કારણે મહદ અંશે કેરીનો પાક નિષ્ફળ થવા પામ્યો છે. વિસાવદર તાલુકાના ગીર પંથકના ગામોમાં અને વંથલી તાલુકાના ગામોમાં વરસાદે તારાજી સર્જતા આંબામાં ફળ ખરણની સમસ્યા જોવા મળી હતી. જેના કારણે કેરીના ઉત્પાદનમાં ઘટાડો થવા પામ્યો છે. ઉપરાંત માર્ચ મહિનો કેરીના પાક માટે અત્યંત મહત્વનો હોય છે. તેવા સમયે આંબામાં રહેલી કેરીના ફળનો વિકાસ થવાનો સમય હોય છે. તે પહેલા ખાખડી હોય છે. જેમાં આકરો તાપ માટે પડતા તેનો વિકાસ થતા તે મોટું ફળ થવાની પ્રક્રિયામાં ચાલતી હોય છે. તેવા સમયે જ વરસાદ પડતા મોટાભાગના ફળો ખરી પડયા હતા. જેના કારણે ઉત્પાદન ઘટયું છે. આમ કેરીમાં ફળ ખરણની સમસ્યા સર્જાતા આ વર્ષે બાગાયતી ખેડૂતોએ વહેલા કેરીના ઉતારા કરવાનું આયોજન કર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. જેના કારણે કેરીના ફળનો વિકાસ થયો ન હોય પહેલા ઉતારી લેવામાં આવતા કેરીના ખાવાના રસીકોમાં સ્વાદ ક્યાકને ક્યાંક આવતો ન હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. આમ દર વર્ષની સરખામણીએ આ સમયમાં ૨૫ થી ૩૦ હજાર જેટલા કેરીની બોકસની આવક નોંધાય છે અને ૧૦ કિલોના ભાવ પણ રૂા. ૧૧૦૦ જેટલો બોલાય છે. પરંતુ કમોસમી વરસાદના કારણે બાગાયતી ખેડૂતો તેમજ કેરીના બાગના ઈજારો રાખનારએ આ વર્ષે તેના ભાવ મળશે કે નહી તે પણ હજુ નક્કી થઈ શકે તેમ નથી. દરમ્યાન જૂનાગઢ, રાજકોટ સહિતના માર્કેટીંગ યાર્ડોમાં કેરીની આવક તો શરૂ થઈ ગઈ છે. દરમ્યાન સોરઠ પંથકની કેરી ભારત બહાર પહોંચાડવા માટે પણ ખેડૂતો સજ્જ બન્યા છે અને ૪૦૦ જેટલા ખેડૂતોએ વિદેશમાં કેરીની નિકાસ કરવા માટે રજીસ્ટ્રેશન નોંધાવ્યું હોવાનું જાણવા મળે છે.

- ગીર કેસર કેરી અથવા ગીર કેસર, એ ભારતના ગીર વિસ્તારમાં પેદા થતી કેરીનો એક પ્રકાર છે. આ કેરી તેના ચમકતા નરંગી રંગને કારણે જાણીતી છે અને તેને 2011માં ભૌગોલિક ઓળખ સ્થિતિ આપવામાં આવી હતી
- આ કેરી સૌપ્રથમ વાર 1931માં જુનાગઢના વજીર સાલેહ ભાઇ દ્વારા વંથલીમાં ઉગાડવામાં આવી હતી. ગિરનારની તળેટીમાં જુનાગઢના લાલ ડોરી ખેતરમાં લગભગ 75 વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ કેરી 1934માં "કેસર" તરીકે જાણીતી બની જ્યારે જુનાગઢના નવાબ મોહમ્મદ મહાબતખાન બાબીએ કેરીના કેસરી રંગને જોઇને કહ્યું હતું "આ કેસર છે.
- કેસર કેરી ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના જુનાગઢ અને અમરેલી જિલ્લાના આશરે 20,000 હેક્ટર વિસ્તારમાં ઉગાડાય છે. તેમાંથી વર્ષે 2 લાખ ટનનું ઉત્પાદન થાય છે. જોકે, માત્ર ગીર અભયારણ્યમાં થતી કેરીને જ "ગીર કેસર કેરી" કહે છે
- આ કેરી સામાન્ય રીતે એપ્રિલ મહિનામાં આવે છે, જ્યારે તે ચોમાસા પછી ઓક્ટોબર મહિનામાં ઉગવાની શરૂ થાય છે. કેસર કેરી એ કેરીઓમાં સૌથી મોંઘી કેરીની જાત ગણાય છે.
- ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રિઝ કોર્પોરેશન લિમિટેડ (GAIC) દ્વારા ગીર કેસર કેરીને ભૌગોલિક ઓળખ (GI) આપવા માટે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા 2010માં આ માટેની અરજી મૂકવામાં આવી હતી અને 2011માં ચેન્નાઇ ખાતે આવેલ જીઓગ્રાફિકલ ઇન્ડિકેશન રજીસ્ટ્રી દ્વારા આ અરજી મંજૂર કરવામાં આવી હતી અને તેથી હવે આ વિસ્તારમાં થતી કેરીને જ "ગીર કેસર કેરી" તરીકે ઓળખાશે. ગુજરાતમાંથી આ ઓળખ પામનારું આ પ્રથમ ફળ અને દેશમાંથી બીજી કેરીની જાત હતી (ઉત્તર પ્રદેશની દશેરી કેરીએ પ્રથમ આ ઓળખ મેળવી હતી)







# જૂનાગઢમાં મોટરસાઈકલ ઉપર બેસવા બાબતે ઠપકો આપતા માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરમાં મોટરસાઈકલમાં બેસવા બાબતે ઠપકો આપવા જતા માર મારવાનો બનાવ બનવા પામેલ છે.

આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના ડેલી ફળીયા, છાયાબજાર, દિવાન ચોક પાસે રહેતા અશ્વિનભાઈ નાનુભાઈ જોબનપુત્રા (ઉ.વ.૭૧)એ વિપુલ મોહનભાઈ ગોહેલ રહે.ગાંધીગ્રામ, જૂનાગઢ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપી ફરિયાદીની મોટરસાઈકલ ઉપર બેઠો હોય અને તેને ગાડી પરથી નીચે બેસ તેમ કહેતા વિપુલ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલ અને ફરિયાદીનો શરીરે આડેધડ ઢીકાપાટુનો માર તથા ધક્કો મારતા ફરિયાદીના શરીરે ઈજાઓ પહોંચી હતી અને ફરિયાદી નીચે પડી ગયેલ તેમજ ફરિયાદીનો ચેન પણ પડી ગયેલ અને પાસળીના ભાગે ડાબી બાજુ ફ્રેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે.

આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ ઓ.આઈ. સીદી ચલાવી રહ્યા છે.

## ભેંસાણ પંથકમાં મોટરસાઈકલ પર કેમ બેઠા છો તેમ કહી માર મારી હડધુત કર્યાની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

ભેંસાણ તાલુકાના ખંભાળિયા ગામના નિખીલભાઈ ભરતભાઈ સોલંકી (ઉ.વ.૧૭)એ કૌશિક ભાટી રહે.પસવાડા તથા સાત થી આઠ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી તથા સાહેદ નરેન્દ્રભાઈ પરબના મેળાના પાર્કિંગમાં મોટરસાઈકલ ઉપર બેઠેલ હતા અને આ કામના આરોપી ત્યાં આવી અને ફરિયાદીને કહેલ કે અહીં શું બેઠા છે તેમ કહી જ્ઞાતી પ્રત્યે અપશબ્દો બોલી હડધુત કરતા સાહેદ નારેન્દ્રભાઈ ડરી જતા તેણે દિવ્યેશભાઈ સોલંકીને ફોન કરી બોલાવેલ અને આરોપીએ કયાંકથી લોખંડનો પાઈપ લઈ આવી ફરિયાદીના માથામાં એક ઘા મારી દીધેલ અને તેવામાં અન્ય સાત થી આઠ આરોપીઓ આવી ગયેલ અને ફરિયાદી તથા સાહેદને ઢીકાપાટુંનો માર મારી ભુંડી ગાળો આપી સાહેદ દિવ્યેશભાઈ તથા હાર્દિકભાઈ આવતા તેઓને પણ આરોપીઓએ ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી ગેરકાયદેસર મંડળી રચી અને જાહેરનામાનો ભંગ કર્યા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુતપાસ એસસી/એસટી સેલના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિકારી હિતેશ ધાંધલીયા ચલાવી રહ્યા છે.

## માળીયા હાટીના તાલુકાના જુથળ ગામે પાણીની ડોલમાં પડી જતા બાળકનું મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૮

માળીયા હાટીના તાલુકાના જુથળ ગામે બનેલા એક બનાવમાં વૃષભકુમાર જેન્તીભાઈ ચાંડેગરા (ઉ.વ.૧ વર્ષ ૯ માસ) વાળા કોઈ કારણસર રમતા-રમતા પાણીની ડોલમાં ઉંધેમાથે પડી જતા ડુબી જવાથી તેનું મૃત્યું થયું છે. માળીયા હાટીના પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવથી ગમગીની વ્યાપી જવા પામી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

# બિલખાનાં ચોરવાડી નજીક વાડીની ઓરડીમાં પરણીતા ઉપર દુષ્કર્મ કર્યાની નોંધાઈ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ જીલ્લાના બિલખા પોલીસ સ્ટેશનના ચોરવાડી ગામની નજીક આવેલ ગોપાવાડીની સીમમાં બનેલા એક બનાવમાં પરણીતા ઉપર દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે બિલખા પોલીસે આપેલી વિગત અનુસાર બિલખાના ચોરવાડી ગામે આવેલી ગોપાવાડી સીમમાં એક વાડીની ઓરડીમાં એક પરણીત મહિલા ઉપર દુષ્કર્મ આચરવામાં આવેલ છે. જેમાં અજય અશોકભાઈ કોટડીયા રહે.ચોરવાડી વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે ફરિયાદી પરણીત મહિલાની વાડીએ ઓરડીમાં મહિલાની ઈચ્છા વિરૂધ્ધ આ કામના આરોપીએ દુષ્કર્મ આચરી તેમજ ફરિયાદીના પતિ તથા દિકરાને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ બિલખાના પીએસઆઈ આર.પી. ચુડાસમા ચલાવી રહ્યા છે.

## બોટાદનાં પીએસઆઈ પ્રવિણ અસોડાનું હાર્ટએટેક આવતા નિધન થયું

બોટાદ, તા.૮ : બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ પ્રવિણ અસોડાનું નિધન થયું છે. સર્કિટ હાઉસના રૂમ નંબર-૧૦માં પીએસઆઈ પ્રવિણ અસોડા રહેતા હતા ત્યાંજ તેમને હાર્ટ એટેક આવતા મોત થયું છે. ૧૦ મહિના પહેલા જ અમદાવાદથી પ્રમોશન સાથે બોટાદમાં બદલી થઈ હતી. પીએસઆઈ પ્રવિણ અસોડાનું સર્કિટ હાઉસ ખાતે હાર્ટએટેક આવતા નિધન થયું છે. પીએસઆઈ પ્રવિણ અસોડાનું ૧૦ મહિના પહેલા જ અમદાવાદથી પ્રમોશન સાથે બોટાદમાં બદલી થઈ હતી. ફરજ પરથી પરત ફર્યા બાદ સર્કિટ હાઉસ પહોંચતા હાર્ટ એટેક આવ્યો હતો. આ બનાવથી બોટાદ જિલ્લા પોલીસ બેડો શોકમગ્ન થયો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
જીતેન્દ્ર પંડયા 98240 88788
ચેતના પંડયા 87338 22221
SINCE 1992
SHRI DATARESWAR INVESTOR'S CARE PVT. LTD.
શ્રી દાતારેશ્વર ઈન્વેસ્ટર્સ કેર પ્રા. લી.
Mutual Fund & Insurance Doctor
● મ્યુચ્યલ ફંડ (SIP SWP)
● સ્પેશ્યલ ફ્રી મ્યુચ્યલ ફંડ ડિમેટ એકાઉન્ટ
● (જૂનાગઢ શહેરમાં માત્ર એક જ જગ્યાએ)
● ટર્મ, પેન્શન એન્ડ યુલીપ ઈન્સ્યોરન્સ પ્લાન
● મેડીક્લેઈમ ● તમામ વાહન ઈન્સ્યુરન્સ
તમામ મ્યુચ્યલ ફંડ અને તમામ ઈન્સ્યોરન્સ કંપની ઉપલબ્ધ
૬/૭, વ્રજ વલ્લભ ચેમ્બર,
પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક, જૂનાગઢ

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨